Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ મહા. આત્મ સં. ૩૪. અંક ૭ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

૧ ભાવરંગ. ... ... ... ૧૫૯
૨ જડ-ચૈતન્ય વિષમશમ વર્તનાષ્ટક... ૧૬૦
૩ જૈન સમાજમાં પુસ્તકાલયોની પ્રવૃત્તિ-
ની આવશ્યકતા અને સભાનો સત્કાર. ૧૬૨
૪ શ્રી સંઘ મહાત્મ્ય. ... ... ૧૬૫
૫ સુભાષિત મણિરત્ન. ... ... ૧૬૯
૬ જીવન સંસ્કૃતિ. ... ... ૧૭૦
૭ આત્મવિશ્વાસ. ... ... ૧૭૨
૮ સ્વીકાર અને સમાલોચના. ... ૧૭[illegible]
૯ તેરમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
(જુન્નેર)ના વર્તમાન સમાચાર

મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઈ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શેઠ હરજીવનદાસ દીપચંદ ( મંત્રી શ્રી જૈન આત્માનંદ સભા ) ની આર્થિક સહાયવડે છપાઇ તૈયાર થયેલ,

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચરિત્ર.

પ્રભુના પ્રથમ ગણધરના આગલા ભવનું અલૌકિક વર્ણન, ભગવાનના આગલા ભવો અને પંચકલ્યાણકોનું સુંદર, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વૃત્તાંત, દેવતાઓએ કરેલ તે તે વખતની અપૂર્વ ભક્તિનું દરેક સમયનું વર્ણન, કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછીનો બોધપ્રદ, જ્ઞેય, ઉપાદેય અને ઉચ્ચ શૈલીનો ઉપદેશ અને અનેક કથાઓ–અવાંતર કથાઓથી ભરપુર આ ચરિત્ર છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી, સુશોભિત બાઇડીંગથી તૈયાર કરાવવામાં આ ગ્રંથ આવેલ છે. શેઠ દીપચંદ ગાંડાભાઇની સીરીઝ તરીકે પ્રકટ થયેલ છે. કિંમત રૂ.૧–૮–૦ પોસ્ટેજ જુદું.

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો.

નીચેના ત્રણ ( ઉત્તમ પુરૂષોના ) ચરિત્રોના ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ફાગણ શુદ ૨ ના રોજથી પોસ્ટેજ પૂરતા વી૦ પી૦થી રવાના કરવામાં આવશે, જેથી સ્વીકારી લેશે. અત્રેના લાઇફ મેમ્બરોએ સભાએથી મંગાવી લેવા તસ્દી લેવી.

### ગ્રંથોના નામો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂ. ૧–૧૨–૦ | ૨ શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ચરિત્ર | રૂ. ૧–૮–૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂ. ૨–૦–૦ | સિવાયના માટે કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદું. | |

---

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શેઠ શ્રી અમરચંદ હરજીવનદાસની સહાયવડે તેમની સીરીઝ તરીકે આ ગ્રંથ છપાયેલ છે.

અદ્વિતીય જીવન ચરિત્રના શિક્ષારૂપ બોધપ્રદ આ ગ્રંથ છે. આ ગ્રંથની રચના સંવત ૧૪૫૨ ની સાલમાં શ્રી જ્ઞાનસાગરસૂરિ મહારાજે કરી છે. પ્રભુ શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. આ ચરિત્રની રચના પ્રતિભાશાળી, મનોહર, રસગૌરવ શૈલીથી અલંકૃત છે. ગ્રંથની રચના અલૌકિક અને તેમાં છુપાયેલ તાત્વિક બોધ અસાધારણ હોઇ તે વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, ધર્મરૂપી કલ્પ [illegible]ક્ષનું સ્વરૂપ સમજી, તેનો પ્રભાવ જાણી તેનો આદર કરતાં મોક્ષ સન્મુખ લઇ [illegible]ય છે. આ ગ્રંથમાં જે મહાન પ્રભુનું ચરિત્ર આપેલ છે, તે સમયમાં દેશની [illegible]જિક, નૈતિક, રાજકીય અને ધાર્મિક પ્રવૃત્તિ કેવી હતી તેનું પણ પઠન કર[illegible]ન થાય છે. શરૂઆતમાં અઢીદ્વીપ સંબંધી ગ્રંથકાર મહારાજે સંક્ષિપ્ત [illegible]પેલ હોવાથી, આ ચરિત્રવાંચનથી ભૂતકાળના ઇતિહાસ સાથે જૈન [illegible] જાણપણું થાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન– [illegible] હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો [illegible] પેજી પીસ્તાળીશ ફોર્મ સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા [illegible]પથી ગુજરાતી ભાષામાં છપાવી સુંદર કપડાના બાઇડીંગથી [illegible] રૂ. ૧–૧૨–૦ પોસ્ટેજ જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति,
स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः चिप्रं शोषमुपयाति,
न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न
शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः चिप्रं फलोपभोगो
भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४५६ माघ. आत्म सं ३४. { अंक ७ मो.

## ભાવરંગ.

અનેક રંગ દ્રવ્યરંગ, દૃષ્ટિએ દેખાય છે;
અજબ એક ભાવરંગ, લાખેણો લેખાય છે. ૧
કોઇ.મોહે મૂળ[1] રંગે, કોઇને મિશ્રિ[2]ત ગમે;
વીરલા વૈરાગી એક, સદા ભાવ રંગે રમે. ૨
દ્રવ્ય રંગ વિવિધ રંગ, ભાળી ભોગી રાચે છે,
જોગી જાણી તુચ્છ તેને, ભાવ રંગે માચે છે. ૩
દ્રવ્ય રંગ જડ રંગ, જડમાં સમાય છે,
ભેદી એક ભાવરંગ, ભાવથી પમાય છે. ૪
એક નહિ અનેકમાં પણ, એકમાં અનેક જાણ;
એવો અદભૂત કહ્યો, ભાવરંગ ઉર આણ. ૫

વેજલપૂર–ભરૂચ. } શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી

૧ મૂળ=લાલ, પીળોને વાદળી, ૨ મિશ્રિત=જુદા જુદા રંગોના મિશ્રણથી બનેલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ॥ જડ-ચૈતન્ય વિષમશામ વર્તનાષ્ટક ॥

( ૧ )

આ સ્પર્શ રસ ને ઘ્રાણ ચક્ષુ શ્રોત્ર પાંચે ઇંદ્રિયો,
મન સાથ મળતા થાય છે ગતિમાન માનવ ! માનજ્યો;
[૧]ત્રયવિંશ ઇંદ્રિય વિષય સાથે [૨]દ્વિક મન ના મેળવો,
પચવિંશની પહિચાન માટે યોગ્ય સંગત કેળવો.

( ૨ )

[૩]પ્રેરક તિહાં છે અન્ય તેને જાણ ભ્રાતુ ભાવથી,
ચૈતન્ય સુંદર નામ જેનું શુદ્ધ સાત્વિક ભાવથી;
ચૈતન્ય ને જડનો પરસ્પર યોગ એ સંસાર આ,
[૪]આદિ નહીં પણ અન્ત છે જો વ્યક્તિગત વિસ્તાર આ.

( ૩ )

જડ છે છતાં ચૈતન્ય પર કાબુ ધરાવે કર્મથી,
વિપરીત વર્તન દૃશ્ય એ સમજો વિધિવત મર્મથી;
ચૈતન્ય ને જડની સમજ વિણ ભ્રાત ! આ સંસારમાં,
રઝળ્યો ઘણું દુઃખ સાથ કરવો ખ્યાલ આ અવતારમાં.

( ૪ )

" ઇંદ્રિય મન ને આત્મનો " સંયોગ ક્રમસર થાય છે,
ચૈતન્ય જડની મૂખ્યતા ત્યાં કર્મથી અંકાય છે;
આસક્તિ પુદ્ગલ ભાવની નહીં સમજ આતમરામની,
વિઘટે નહીં ભવ ભ્રમણતા એ વર્તના શું કામની.

---

૧-ઇંદ્રિયોના ૨૩ વિષય છે સ્પર્શના ૮, રસના. ૫, ઘ્રાણના ૨, ચક્ષુના ૫ અને શ્રોત્રના ૩. ૨-મનના બે વિષય છે. ૧ સંકલ્પ, વિકલ્પ. ૩-ગતિમાં મૂકનાર. ૪-વ્યક્તિગત વિચારમાં ચૈતન્ય અને કર્મ (જડ) ના યોગની આદિ નથી પણ તથાવિધ પ્રયોગથી અંત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૫ )

જડ વાસના અતિ દીર્ઘકાલિક તેહને **પલટાવવા,**
કર [૧]સ્ફાર ઉદ્યમ [૨]વીર ! વત ચૈતન્યતા **પ્રકટાવવા;**
ચૈતન્ય જડની સમઝ છે મુશ્કેલ માનવ ! માનજે,
સત્સંગને સત્ શાસ્ત્રનો સંયોગ સુંદર સાધજે.

( ૬ )

મન ઇદ્રિયોના વિષયને જડમાત્ર જગમાં જાણજે,
જે [૩]સડન પડન વિધ્વંસ ધર્મિ ધૈ૧થી અવધારજે;
ચૈતન્યની સમઝણ અનુભવ [૪]ગમ્ય:[૫]રમ્ય વિચારજે,
[૬]ત્રિકોટી દોષ રહિત નિશ્ચલ [૭]કાળત્રયથી ધારજે.

( ૭ )

ચૈતન્ય જડની વહેંચણી કરતા વિવેકી વર્ણવે,
[૮]આદેય જ્ઞેય ને હેય ત્રિક વસ્તુ વિચારે સદ્ભવે;
[૯]સહયોગી પણ નહીં સંક્રમે એ વિશમ ધર્મસ્વભાવથી;
બંધન જતા ત્યાં ઝળહળે ચૈતન્ય શુદ્ધ પ્રભાવથી.

( ૮ )

જડ વાસના ના [૧૦]વિલય સાથે દૂર [૧૧]**દેહાધ્યાસ** જ્યાં,
દેહિ છતાં છે દિવ્ય [૧૨]**દેહાતિતનો;** અભ્યાસ ત્યાં;
સ્વાધિન જડને ના થવું આધિન કર એ સર્વને,
સાફલ્ય જીવન તત્વતઃ; સમઝાય જો **નિજ ધર્મને.**

**વેલચંદ ધનજી.**

---

૧-મજબૂત. ૨-ભગવાન મહાવીર પ્રમાણે. ૩-સડી જવું પડી જવું નાશ થવું. ૪-વડે. ૫ મનોહર. ૬-કસ છેદ અને તાપ. ૭-ત્રણે કાળમાં. ૮-ગ્રહણ કરવું, જાણવું અને તજી દેવું. ૯-ચૈતન્ય અને જડ સહયોગી છે છતાં વિષમ સ્વભાવી હોવાથી સંક્રમણ નથી. ૧૦-નાશ. ૧૧-દેહ એજ આત્મા. ૧૨-સંસારવાસ છતાં કર્મ રહિતપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનસમાજમાં પુસ્તકાલયોની પ્રવૃત્તિની આવશ્યકતા.

## અને આ સભાનો સત્કાર.

બંગાળના સુપ્રસિદ્ધ વિદ્વાન " સર પ્રફુલ્લચંદ્રરોય " કહે છે કે " **હિંદની રાષ્ટ્રિય પ્રગતિનો આધાર વ્યવસ્થિત પુસ્તકાલય પ્રવૃત્તિ ઉપર રહેલો છે.** "

શિક્ષણના આધારભૂત પાયા તરીકે વ્યાખ્યાનને બદલે પુસ્તકને ગણીયે તો તેથી ઘણાં રસિક અને વિશાળ ક્ષેત્રો આપોઆપ ખુલ્લા થઇ જાય છે. અને તે પાશ્ચિમાત્ય દેશોમાં પુસ્તકાલયોમાં શું શું સંગ્રહ, વ્યવસ્થા અને તેનાથી ત્યાંનો જનસમાજ શું શું લાભ લઇ રહ્યો છે, તે જાણવાથી આ દેશને પણ તેની અનેક કારણોથી જરૂર છે, એમ વિચારી વડોદરા સ્ટેટના મહારાજા નામદાર ગાયકવાડ સરકારે પોતાના વડોદરા શહેરમાં સેન્ટ્રલ લાઇબ્રેરી અને આખા રાજ્યમાં અનેક ગામોમાં જરૂરીયાત પ્રમાણે નાના મોટા પ્રમાણમાં પુસ્તકાલયોનો જન્મ આપી પહેલ કરી છે. આ સંબંધી વારંવાર હકીકત પુસ્તકાલયની વ્યવસ્થા તથા તે સંબંધી શાસ્ત્રીય વિષયોનું ગુજરાતી ભાષામાં વિવેચન કરતું વડોદરામાંથી "**પુસ્તકાલય**" નામનું માસિક પ્રગટ થાય છે, તેમાં તે સંબંધી અનેક હકીકતો આવે છે, જે મંગાવી જિજ્ઞાસુઓએ અનુભવ મેળવવાની જરૂર છે. નામદાર ગાયકવાડ સરકારના પુસ્તકાલયોની વિશેષ પ્રગતિ માટે કેટલાક વખતથી પુસ્તકાલય પરિષદો ગુજરાતમાં મળે છે, તેના ચાર સંમેલનો થઇ ગયા છે; છેલ્લું (ચોથું) સંમેલન ગયે વર્ષે અમરેલીમાં મળ્યું હતું, જેમાં પ્રમુખસ્થાને મહેરબાન **પ્રભાશંકરભાઇ દલપતરામ પટ્ટણી** સાહેબ હતા. તે વખતનું તેમનું પ્રમુખ તરીકેનું ભાષણ ઘણું મનનીય હતુ. તેઓ **પુસ્તકાલયો** માટે જણાવે છે કે " **પુસ્તકાલયો ગુરૂનું કામ સારે છે: અને ઉપયોગ કરતાં આવડે તો તે જીવતા ગુરૂ કરતાં વધારે સારૂં કામ કરી શકે છે. કોઇ જીવતા ગુરૂમાં કદાચ વિદ્વતા વધારે હોય તોપણ તે જીવતાં સુધી બીજાને લાભ આપી શકે, પણ પુસ્તકાલયોમાં તો હજારો વર્ષોનું જ્ઞાન ભરેલું રહે છે અને જે માગે, જે ઇચ્છે તેને સંકોચ વિના, લાલચ વિના, ગુસ્સે થયા વિના અને થાકયા વિના અશરીરિ ગુરૂઓ અમોઘ જ્ઞાન આપે છે. એક છોકરાને માટે જેટલી સારા શિક્ષકની જરૂર તેથી વધુ જરૂર સારા પુસ્તકાલયની છે.** વગેરે વગેરે. પુસ્તકાલયની જરૂરીયાત અને તેનાથી જનસમાજને થતા લાભો માટે ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખી શકાય તેમ છે; તેમજ જાણવા જેવું પણ છે, અને તે પ્રવૃત્તિ દરેક દેશો, શહેરો કે કોમે હાથ ધરવા જેવી છે. નામદાર ગાયકવાડ સરકારની પુસ્તકાલય પ્રવૃતિએ ગુજરાતને ઘણોજ લાભ કર્યો છે, તેટલું જ નહિ પરંતુ પુસ્તકાલય કરનાર માટે, પુસ્તક પસંદગી માટે પણ હવે આપણી પાસે તેમની પ્રવૃતિના અને બીજા પુષ્કળ સાધનો છે. જૈન સમાજને પણ સ્થળે સ્થળે જ્ઞાનભંડારોની જેમ જરૂર છે તેમ પુસ્તકાલયોની પ્રવૃતિ (જન્મ આપવાની) શરૂઆત તે સાથે કરવાની પોતાના સમાજની પ્રગતિ માટે જરૂરીયાત જલદી આવી પહોંચી છે. પુસ્તકોની પસંદગી માટે ( આ સભાના પુસ્તકાલય ) જેનાં સાત વર્ગોમાં આઠ હજાર છાપેલા અને શુમારે ૧૩૦૦ લખેલી પ્રતોનો સંગ્રહ જેનું ક ક્કાવારી લીસ્ટ છપાયેલ છે તે, તથા જૈનની વસ્તીવાલા શહેરોમાં જ્યાં જ્યાં સારા વિશાળ અને પ્રગતિશીલ પુસ્તકાલયો હોય તેનો સંગ્રહ કે નોંધ જોવાથી તેમાં ખાસ ધાર્મિક પુસ્તકો અને બીજા પુસ્તકોનો સંગ્રહ તેમજ, સામાજિક પુસ્તકોનો સંગ્રહ માટે **પુસ્તકાલય સહાયક** સહકારી મંડલ લીમીટેડ વડોદરા તરફથી આઠ હજાર પુસ્તકોનું વર્ગીકરણ નામની બુકમાંથી, તેમજ વડોદરા સેન્ટ્રલ લાઇબ્રેરીની નોંધ વગેરેમાંથી સ્થળ વર્ણન, મુસાફરા વર્ણન, જીવન ચરિત્રો, ઇતિહાસો નવલકથા, વૈદ્યક, હુન્નર ઉદ્યોગ, નવલિકાઓ, કાવ્યસંગ્રહો, ભજનો, સંગીત, વિવેચન, નિબંધો, ભાષાંતરો, સાહિત્ય, બાલસાહિત્ય, સ્ત્રી ઉપયોગી વગેરે પુસ્તકો માટે સાધનોની હવે ખોટ નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે આ પુસ્તકાલય પરિષદ્નું પાંચમું સંમેલન માર્ચ મહીનાની તા. ૧૬–૧૭–૧૮ના રોજ (**પાટણ**) ગુજરાતમાં મળવાનું છે. આ પરિષદ્ની પ્રવૃત્તિથી કેટલી અને કેવી પ્રગતિ ગત્ પાંચ વર્ષમાં થઈ છે તેનો સહજ ખ્યાલ આવી શકે તેમ છે. તે દરમ્યાન આ સ્ટેટની કૌન્સીલના નામદાર પ્રેસીડેન્ટ સાહેબ પટ્ટણી સાહેબની આ સ્ટેટમાં શ્રી ગાયકવાડ સરકારની જેમ પુસ્તકાલય પ્રવૃતિ યાને પ્રગતિ કરવાની ઇચ્છા કેટલાક વખતથી થતાં, આ પુસ્તકાલય પરિષદ્ના પ્રતિનિધિ મંડલને તે માટે અત્રે આમંત્રણ કરી બોલાવ્યું હતું અને આ પ્રતિનિધિ મંડળની અન્ય દેશી રાજ્યોમાં જ્ઞાન પ્રચારની યોજના કેવી છે તે જોવા, જરૂર જણાય ત્યાં સૂચના, સલાહ આપી વિશેષ પ્રગતિ કરાવવાની સેવા ભાવના પણ સાથે જ હતી. તે પરિષદ્ મંડળમાં નીચેના સભ્યો હતા. **શ્રીયુત મોતીભાઇ ન. અમીન, રાજરત્ન હરિલાલ ગોવીંદજી પારેખ,** બી. એ. એલ. એલ. બી. (અમરેલી) **શ્રીમાન્ દેવીદાસ હરગોવિંદદાસ**–પેટલાદ શ્રી **કલ્યાણરાય નથુભાઇ જોષી**—પાટણ. **શ્રી મણીભાઇ કાશીવાળા** (વાઘોડીયા) **શ્રી પ્રતાપરાય ગિરધરલાલ મહેતા** ( અમરેલી ) આઠ ગૃહસ્થોએ તા. ૨૨–૧૨–૨૯ ના રોજ ભાવનગર આવી ભાવનગર સ્ટેટની બારટન લાઇબ્રેરી તથા બીજા કોમી પુસ્તકાલયો તમામની મુલાકાત લઈ પુસ્તકાલય પ્રવૃત્તિ જોઇ હતી. આ સભામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે માટે આ ડેપ્યુટેશન તપાસ કરવા આવતાં સભાની તમામ પ્રવૃત્તિઓ ( કાર્યવાહીઓ ) અને સભાને અંગે ચાલતું શ્રી આત્મારામજી જૈન પુસ્તકાલય બહુજ ખંતથી તપાસ્યું હતું અને પોતાનો સંતોષ જાહેર કર્યો હતો અને તેમણે જે આ સભાની કાર્યપ્રવૃતિ અને પુસ્તકાલય જોયું તે માટે એક લેખ પુસ્તકાલય માસિકના પુ૦ ૫ અંક ૧ માં “ દેશી રાજ્યોમાં જ્ઞાન પ્રચારની યોજના ” એ નામના લેખ નીચે પા. ૩૭ મેં **ભાવનગરની પુસ્તકાલય પ્રવૃતિ** માં નીચે પ્રમાણે લખેલ છે.

**શ્રીઆત્મારામજી જૈન પુસ્તકાલયઃ**—સ્વર્ગસ્થ શ્રીમદ્‌વિજયાનંદ સુરીશ્વર ( આત્મારામજી ) મહારાજના પુણ્ય સ્મરણમાં **જૈન આત્માનંદ સભાની** સ્થાપના સંવત ૧૯૫૨ માં થઇ તેને અંગે આ પુસ્તકાલય ચાલે છે. તેનું વાંચનગૃહ જે ઠીક રીતે વ્યવસ્થિત છે, તેનો લાભ કોઇપણ વ્યકિત લઇ શકશે, અને પુસ્તકો જૈનોને માટે મફત અને અન્ય ભાઇઓને વાર્ષિક રૂ. ૧) લવાજમથી વાંચવા મળી શકે છે. આ સંસ્થાનું કામ અમને તેના પ્રમુખશ્રી **ગુલાબચંદભાઇ**એ તથા તેની ઉત્સાહી કાર્યવાહી સમિતિએ દેખાડયું. જૈન ધર્મ સિવાયનાં પણ પુસ્તકો ઠીક સંખ્યામાં છે, જે બધાનું લીસ્ટ સભા તરફથી છપાયું છે. અને આનંદ સાથે જોયું કે સાહિત્યના છેલ્લામાં છેલ્લા છપાએલાં પુસ્તકો પણ સંસ્થા ધરાવે છે. આ બધા કાર્યમાં સંસ્થાના મંત્રી **શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ** નો રસ અને ઉત્સાહ અદ્‌ભૂત છે. આ સભાએ જૈન સાહિત્યના ઘણા ઉપયોગી ગ્રંથો બહાર પાડયા છે, અને આત્માનંદ પ્રકાશ નામનું જૈન માસિક પણ પ્રસિદ્ધ કરે છે. આ **સંસ્થા પાસે જૈન ધર્મના હસ્તલિખિત ગ્રંથોનો સુંદર સંગ્રહ છે, અને તેનો સંગ્રહ કરવાની પ્રણાલિ અને વ્યવસ્થાએ અમને ખુબ આકર્ષ્યા છે. ધર્મ ભાવનાની ઉજ્જવલ જ્યોતથી શોભતા જ્ઞાન પ્રેમથી નીતરતો ઉત્સાહ આ વ્યવસ્થામાં કેટલો સુંદર ફાળો આપે છે, તે અમે સાનંદ જોયું**, કેટલેક સ્થળે હસ્તલિખિત દુષ્પ્રાપ્ય ગ્રંથ સંચયની જે દુર્દશા જોવામાં આવે છે તે અહિં નથી, અને આ રીત સર્વથા અનુકરણીય છે. આ પુસ્તકાલયની જૈનેતર વાચક સંખ્યા પણ ઠીક છે. આ સંસ્થાને પોતાનું મકાન છે.

આ ઉપરાંત આ સભાની ઉપરોકત પરિષદ્ મંડળે તમામ પ્રવૃતિ જોઇ જે સત્કાર સભાનો કર્યો છે અને અભિપ્રાય આપ્યો છે તે પણ જૈન સમાજની જાણ માટે આપવો આવશ્યક લાગે છે.

**પારષદ્ મંડળનો અભિપ્રાય—**

આજરોજ વડોદરા રાજ્યપુસ્તકાલય–પરિષદના પ્રતિનિધિ મંડળ તરીકે ભાવનગરમાં આવેલી **શ્રી જૈન આત્માનંદ સભાના** કેટલાક સભ્યો સાથે એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાના પુસ્તકાલયના મકાનમાં વાતચીત કરી હતી. સભ્યોએ ઘણી ઉપયોગી માહિતી આપી હતી. પુસ્તકાલય જો કે જૈન સંસ્થા તરફથી ચાલે છે; છતાં તે જૈનેતર માટે પણ વગર લવાજમે ખુલ્લું રહે છે. અને પુસ્તકોના સંગ્રહમાં કેવળ જૈન સાહિત્યનું પ્રતિનિધિત્વ નથી; પરંતુ સામાન્ય જ્ઞાનના ગુજરાતી સાહિત્યના ઘણા ઉપયોગી પુસ્તકો છે. આ પુસ્તકાલય જીવંત છે. કારણ કે સારા વર્તમાન પત્રો અને માસિક પત્રો આ પુસ્તકાલયના ટેબલ ઉપર જોઇ શકાતાં હતાં. પુસ્તકો પ્રકટ કરવાની યોજના, તેનો પ્રચાર કરવાની યોજના અને જૂના પુસ્તકો સંગ્રહી રાખવાની રીત બહુ કાળજી અને ચીવટ દર્શાવે તેવી છે. આ સંસ્થા ભાવનગરમાં પુસ્તકાલય પ્રવૃત્તિની ઉમદા સંસ્થા છે એમ અમારો અભિપ્રાય થયો છે.

તા. ૨૩–૧૨–૨૯.

**મોતીભાઇ ન. અમીન**
પ્રતિનિધિ મંડળવતી.

**રા. હરિલાલ જી. પારેખ ( અમરેલી )**
**રા. દેવીદાસ એચ. શાહ ( ખંભાત )**
**રા. કલ્યાણરાય ન. જોષી ( દ્વારકા )**
**રા. મણિલાલ અ. કાશીવાળા ( અમરેલી )**
**રા. પ્રતાપરાય ગી. મહેતા ( અમરેલી )**

## શ્રી સંઘ મહાત્મ્ય.

( ગત માગશરના અંકના પાના ૧૨૫ થી શરૂ )

યથાસ્થાને પહોંચાડવામાં શ્રી સંઘની યોગ્યતા વ્યક્ત કરવા માટે શ્રી સંઘને રથ રૂપે સ્તુતિ કરે છે.

**जद्धं सील पडागूसियस्स तवनियमतुरयजुत्तस्स ।**
**संघरहस्स भगवो सज्झाय सुनंदिघोसस्स ॥**

**અર્થ**—શીયળરૂપી ઉડતી ધ્વજાવાળો, તપ અને નિયમરૂપ મજબુત ઘોડાવાળો, સ્વાધ્યાયરૂપી મનોહર નિનાદ–ઘોષવાળો એવો ભગવાનનો શ્રીસંઘરથ જય પામો. તેનો જય હો.

**વિવેચન**—જેમ એક મહારાજાનો રથ અનેક ઉડતી વિજયધ્વજાઓથી સુશોભિત હોય છે તેમ આ ભગવાનનો શ્રીસંઘરથ, અઢાર હજાર શીલાંગરૂપી ઉડતા વિજય પતાકાઓથી સુશોભિત છે. જેમ મહારાજાના રથને સુંદર મજબુત પાણી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાર ઘોડાઓ જોડેલા હોય છે તેમ આ શ્રીસંઘરથને તપ અને નિયમ–સંયમરૂપ મજબુત પાણીદાર ઘોડાઓ જોડેલા છે. યદિ મજબુત અને પાણીદાર ઘોડા પણ કાબુમાં ન રહી શકે અને તોફાન કરે એવા હોય તો શું કામના. માટેજ તપ અને સંયમરૂપ અશ્વો કહ્યા છે કે જેથી તે અશ્વો રથને બરાબર યોગ્ય સ્થળેજ નિર્વિઘ્ને પહોંચાડશે. મહાન્ રાજાના રથને સુંદર રૂપાની ઘંટડીઓ હોય છે જેથી તેનો નિનાદ કર્ણપ્રિય મનોહર લાગે છે. તેમ આ શ્રીસંઘરથ પણ [1]પાંચ પ્રકારના સુંદર સ્વાધ્યાયથી યુક્ત છે જેથી તે સ્વાધ્યાયના મનોહર નિનાદ–મંજુલ ઘોષથી કર્ણપ્રિય મનોહર છે, આવો ભગવાનનો શ્રીસંઘરથ સદા જય પામો. અર્થાત્ **શીયલ, તપ, સંયમ, અને સ્વાધ્યાય યુક્ત શ્રીસંઘનો જય છે એમ સૂચવ્યું. આવા ગુણોથી પરિપૂરિત સંઘરથ જ યોગ્ય સ્થાને પહોંચાડવા સમર્થ છે. ॥ ૬ ॥**

લોકની મધ્યમાં રહેલ છતાંયે શ્રીસંઘ કેવો અલિપ્ત છે તે કમલના રૂપકથી જણાવે છે—

**कम्मरयजलोह विणिग्गयस्ससुयरयणदीहानलस्स,**
**पंचमहव्वयथिरकन्नियस्सगुणकेसरालस्स ॥ ७ ॥**
**सावगजणमहुअरिपरिवुडस्स जिणसुरतेयबुद्धस्स ।**
**संघपउमस्सभद्दं समणगणसहस्सपत्तस्स ॥ ८ ॥**

**અર્થ**—કર્મરજરૂપી જળમાંથી નીકળેલું–ઉગેલું શ્રુતરત્ન, જ્ઞાનરત્નરૂપી મોટા નાળવાળું, પાંચ મહાવ્રતરૂપી દ્રઢ કર્ણિકાવાળું, ઉત્તરગુણોરૂપી કેસરાવાળું, શ્રાવકજનરૂપી મધુકરી–ભ્રમરોથી યુક્ત, શ્રીજીનેશ્વરરૂપી અનુપમ સૂર્યના તેજથી ઉપદેશથી વિકાસત થતું ( આનંદિત થતું ) અને શ્રમણ સાધુઓરૂપી સહસ્ર પત્રવાળું **શ્રીસંઘપદ્મ–શ્રીસંઘ કમળ જય પામો**–તેનો જય હો.

**વિવેચન**—જેમ કમળ કાદવ અને પાણીમાં ઉગે છે અને તેનાથી અલિપ્ત રહે છે તેમ આ સંઘરૂપ કમળ પણ જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારનાં કર્મોમાંથી જ બહાર નીકળીને તેનાથી અલિપ્ત રહે છે. જીવ જ્ઞાનાવરણાદિ કર્મોમાં ખુંચી રહે છે અને તેથી જીવ ર.લીન થાય છે. એટલે કર્મરજરૂપી જે જલ તેમાંથી ઉગેલું–બહાર નીકળેલ, આ ઉપરથી એમ નથી સમજવાનું કે શ્રીસંઘ કમલ તદ્દન કર્મરજ રહિત છે. કારણ કે હજી તે સંસારી છે. એટલાજ માટે એમ કહ્યું છે કે કર્મરજની ઉપર રહેલું કમળ જેમ જળ ઉપર રહેલું હોય છે તેમ, પણ કર્મમલથી તદ્દન રહિત

[1] वांचनाप्रच्छना परावर्तना अनुप्रेक्षा धर्मकथा च,=વાંચના, પૂછવું, પુનરાવૃત્તિ કરવી, વિચારવું અને ધર્મ કથન કરવું આ પાંચ પ્રકારના સ્વાધ્યાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિં તેમ કર્મમલમાં ખુંચેલું પણ નહિ; તેમજ જેમ કમલને સુંદર દીર્ઘ નાલ હોય છે તેમ આ શ્રીસંઘકમળને શ્રુતરત્નરૂપી મહાન્–દીર્ઘ સુંદર નાલ છે. કર્મરજમાંથી શ્રુતરત્નરૂપી દીર્ઘનાલથી જ બહાર નીકળી શકાય, એ સિવાય ન જ નીકળાય માટે શ્રુતરત્નરૂપી દીર્ઘનાલથી વિભૂષિત છે. જેમ કમળ સુંદર સ્થિર કર્ણિકાથી શોભે છે, તેમ આ શ્રી સંઘ કમળ પાંચ મહાવ્રતરૂપ સ્થિર સુંદર દઢ કર્ણિકાથી–મધ્ય કર્ણિકાથી વિભૂષિત છે. જેમ કમલની કર્ણિકા કેસરાથી વિભૂષિત હોય છે તેમ શ્રી સંઘ કમલની પાંચ મહાવ્રત વગેરેથી શોભિત કર્ણિકા, ઉત્તર ગુણોરૂપી સુમનોહર કેસરાથી વિભૂષિત છે. તેમ સુંદર કેસરા અને કર્ણિકાથી યુકત કમલ ભ્રમરોથી સદા ગુંજીત રહે છે–તેની સુગંધીથી લોભાઇ ભ્રમરો ત્યાં આવી સદાય ગુંજારવ કરે છે અને સુગંધી લઇ મત્ત બને છે, તેમ આ શ્રીસંઘકમલ પણ ઉત્તર ગુણોરૂપી સુંદર કેસરા અને પાંચ મહાવ્રત વગેરે કર્ણિકાથી વિભુષિત છે અને શ્રાવકોરૂપી મધુકરોના નિનાદથી ગુંજીત છે–વિભૂષિત છે. આ શ્રાવકરૂપી ભ્રમરો સમ્યકત્વ પામેલા, અણુવ્રતો સ્વીકારેલા, અને સાધુઓને જ ઉત્તર વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિના હેતુ હોવાથી નિરંતર સમાચારીને સાંભળતા, આવા ગુણયુકત શ્રાવકરૂપી[૬] ભ્રમરોથી સદાય ગુંજીત શ્રી સંઘ કમલ વિભૂષિત છે. જેમ પ્રાતઃકાલે કમલ સૂર્યના પ્રકાશથી વિકસિત થાય છે, તેમ આ શ્રી સંઘકમલ પણ **સકલ જગતને પ્રકાશક હોવાથી સૂર્ય સમાન શ્રી જીનેશ્વર દેવ–જીનરૂપી સૂર્યના તેજ એટલે તેમના ઉપદેશથી–શ્રી જીનેશ્વર દેવના ઉપદેશથી બોધ પામે છે–વિકાસ પામે છે.** જેમ કમલની શોભા પત્રોથી જ હોય છે, તેમ આ શ્રી સંઘકમલ પણ શ્રમણો–ગીતાર્થ સાધુઓ રૂપી સહસ્ર પત્રથી સુશોભિત છે. સૂર્યના તેજથી કમલનાં પત્રો ખીલે છે તેમ શ્રી સંઘના શ્રમણો રૂપી પત્રો જીન–સૂર્યની ધર્મદેશનાથી બોધ પામ્યા છે. [૭]આ શ્રમણો પ્રવજ્યાનાં દિવસથી આરંભીને સમસ્ત સાવદ્ય યોગથી વિરામ પામેલા અને ગુરૂના ઉપદેશથી આજીવન યથાશકિત વ્રત–અનશનાદિ તપશ્ચર્યા કરનારા આવા ગુણયુકત સાધુઓ રૂપી મનોહર પત્રોથી શ્રી સંઘકમલ વિભૂષિત છે. એ સંઘકમળનો સદાય જય હો અર્થાત્ ઉત્તમ શ્રુતજ્ઞાનથી યુકત ગુણયુકત શ્રાવકો અને મહાવ્રતીઓથી યુકત શ્રી સંઘ સદાય જય પામે છે.

---

६ संपत्तदंसणाइ पयदीयहं जइजाणा सुणे ईयं
सामायारीं परमं जोखलु तं सावगं विन्ति ॥ १ ॥

અર્થ—જે સમ્યગ્દર્શનયુકત હોય અને નિરંતર મુનિઓ પાસેથી સમાચારીને સાંભળે તે સાચો શ્રાવક કહેવાય ॥ ૯ ॥

૭ यः समः सर्व भूतेषु त्रसेषु स्थावरे षु च तपश्चरति शुद्धात्मा श्रमणोऽसौ प्रकीर्तितः ॥

અર્થ—સર્વત્રસ સ્થાવર જીવોમાં સમાન દૃષ્ટિવાળો હોય, અને તપસ્યા કરે અને શુદ્ધાત્મા હોય તે શ્રાવક કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સંઘમાં કેવી સૌમ્યતા ઉજ્વલતા હોય છે. તે ચન્દ્રની ઉપમાથી વ્યકત કરે છે—શ્રી સંઘ સૌમ્યતાના–શીતલતાનું અસાધારણ કારણ હોવાથી તેને ચંદ્રની ઉપમા આપે છે.

**तवसंजममय लंछण अकिरियराहुमुहदुद्धरिस्सं ।**
**जयसंघचंद निम्मलसम्मत्त विसुद्ध जोणहागा ॥ ९ ॥**

અર્થ—તપ અને સંયમરૂપી છે મૃગચિહ્ન જેને, નાસ્તિકોરૂપી રાહુના મુખથી ન ગળી શકાય–ગ્રહણ ન લગાડી શકાય તેવો અને નિર્મલ સમ્યકત્વરૂપ વિશુદ્ધ–ઉજ્વલ જ્યોતત્સ્ના–પ્રભા છે જેને **એવા હે શ્રી સંઘચંદ્ર ! તારો જય હો.**

વિવેચન—શરદ પૂર્ણિમાના સંપૂર્ણ નિર્મલચંદ્રની પીછાણ કરાવનાર મૃગચિહ્ન બહુજ સ્પષ્ટ જણાય છે, અને તેથી ચંદ્રમાની શોભા કોઇ ઓરજ દીસે છે. તેમ આ શ્રીસંઘ ચન્દ્ર પણ તપ અને સંયમરૂપ સુન્દર મૃગચિહ્નથીજ મનોહર લાગે છે. જેથી તેની શોભા કોઈ ઓર જ દીસે છે. સામાન્ય ચંદ્રને ક્રૂર રાહુના ભોગ થવું પડે છે, તેને ગ્રહણ થાય છે–તેની પ્રભામાં ક્ષતિ આવે છે; પણ શ્રીસંઘચંદ્રમાં એવું કશુંજ નથી, એટલા માટે કહ્યું છે કે જીનેશ્વરનાં પ્રવચનરૂપ ચન્દ્રમાને ગ્રહણ લગાડવામાં તત્પર–તેનું ખંડન કરવાને તૈયાર એવા આ ક્રિયાવાદી નાસ્તિકો ક્રૂર રાહુથી સદાય અપરાજીત, એ રાહુથી ગ્રહણ ન લગાડી શકાય એવો અથાત્ અપરાજીત અજેય; તેમજ શરદ પૂર્ણિમાના ચન્દ્રમામાં ઉજ્જવલ પ્રભા બહુજ રળીયામણી લાગે છે, તેમ આ શ્રીસંઘચન્દ્ર નિર્મલ, સમ્યકત્વરૂપી વિશુદ્ધ–ઉજ્જવલ જ્યોત્સ્ના–ચંદ્રિકાથી મનોહર છે અને ભવીજીવોને અમૃતપાન કરાવે છે. આવા ગુણયુકત શ્રી સંઘચંદ્રનો સદા જય હો–અર્થાત્ તપ, સંયમ, ક્રિયા અને સમ્યકૂત્વ યુકત શ્રી સંઘચંદ્રનો જય હો એમ સૂચવ્યું—

શ્રી સંઘ વિશ્વ પ્રકાશક હોવાથી તેને સૂર્યની ઉપમા આપે છે.

**परतित्थीगहपहनासगस्स तवतेयदित्तलेसस्स ।**
**नाणुजोयस्सजएभद्दंदमसंघसूरस्स ॥ १० ॥**

અર્થ—પરતીર્થિકોરૂપી સામાન્ય ગ્રહોની પ્રભાનો નાશ કરનાર–આચ્છાદિત કરનાર તપસ્યાના તેજરૂપ દેદીપ્યમાન લેશ્યાવાળા, કાન્તિવાળા, તથા જ્ઞાનરૂપી પ્રકાશથી યુકત એવા પ્રશાન્ત–દાન્ત શ્રીસંઘરૂપી અલૌકિક સૂર્યનો સદા જય હો–જય પામો.

વિવેચન—જેમ સૂર્ય દરેક ગ્રહ–નક્ષત્રોમાં શ્રેષ્ઠ ગણાય છે–અધિપતિ કહેવાય છે, સૂર્યના તેજ આગળ દરેકની પ્રભા ઝાંખી થઇ જાય છે, બલ્કે નકામા જેવી થાય છે એમ કહીએ તો કાંઇ ખોટું નથી, તેમ આ સંઘરૂપી મહાન્ સૂર્ય દરેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શનો–કપિલ, કણભક્ષ, અક્ષપાદ, સુગત આદિ દરેક અન્ય દર્શનો રૂપી ગ્રહોમાં શ્રેષ્ઠ છે. અને એ દર્શનોનો મહિમા જૈન દર્શન આગળ ઢંકાઇ જાય છે. બલ્કે અર્હત દર્શન આગળ દરેક દર્શનો નિસ્તેજ–નકામા છે. એ લગારે અતિશયોક્તિ જેવું નથી. જેમ સૂર્યની દીપ્તિ–ભાસ્વરતા ઉજળી કહેવાય છે તેમ આ સંઘ રૂપી સૂર્યમાં તપસ્યાના તેજરૂપી ઉજ્વલ લેશ્યા પણ શોભી રહી છે–જેમ સૂર્યના પ્રકાશથી દરેક વસ્તુનું ભાન થાય છે તેમ આ સંઘ રૂપી સૂર્યના જ્ઞાન રૂપી ઉદ્યોતનાં પ્રતાપી કિરણોથી દરેક વસ્તુનું સામાન્ય અને વિશેષનું જ્ઞાન થાય છે. સૂર્યમાં અને સંઘરૂપી સૂર્યમાં એક મોટી વિશેષતા છે, સૂર્ય દિવસેજ ઉગે છે. તેનું તેજ ગુફાઓમાં અને ભોંયરામાં નથી પહોંચતું, મનુષ્યના હૃદયને નથી સ્પર્શ કરતું, ત્યારે આ સંઘરૂપી સૂર્યનું જ્ઞાનરૂપી તેજ ચરાચર જગતમાં દરેક સ્થળે પહોંચે છે, ગુફા કે ભોંયરૂં, ઉર્ધ્વ કે અધો દરેક સ્થાનમાં જ્ઞાનતેજ પહોંચે છે. અને મનુષ્યના હૃદયને સ્પર્શી તેમાં અવનવા ફેરફારો કરી દે છે. રાત્રે કે દિવસે સદાયે પ્રકાશે છે. જીવોને ઉપયોગી નીવડે છે. બીજીપણ આ સંઘરૂપી સૂર્યમાં મોટી વિશેષતા છે. દેખાતો સૂર્ય બહુ તીવ્ર છે તેના તેજને આપણી આંખો નથી સહન કરી શકિત અને કેટલીકવાર બહુ પ્રખર તપતાં બીજાને બહુ દુઃખમય થાય છે–જ્યારે આ સંઘ રૂપી સૂર્યમાં એવી તીવ્રતા નથી, જ્ઞાન તેજ ગમે તેટલું પ્રકાશે પણ તેમાં પ્રખરતાને બદલે દમ–ઉપશમ વધે છે, એટલે તે કલેશને બદલે આનંદકર બને છે. આ જ્ઞાન તેજને વાદળાંનાં આચ્છાદન કે રાહુનું ગ્રહણ પણ બનતું નથી, એ તો પોતાની દીપ્તિથી સદાય વધુને વધુજ દીપે છે. આવો **શાન્તિપ્રદ આત્મકલ્યાણકાર શ્રી સંઘરૂપ સૂર્ય સદા જય પામો—તેનો જય હો—** (ચાલુ)

## સુભાષિત મણિરત્ન

તે કાળે તે સમયે ભગવાન આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ, ભરતથી તિરસ્કૃત અને મોક્ષાર્થી પોતાના ૯૮ પુત્રોને ઉદ્દેશીને બોલ્યા હતા કેઃ—

**संबुज्झह किं न बुज्झह ?, संबोही खलु पेच्च दुल्लहा ।**
**णो हूवणमन्ति राइओ, नो सुलभं पुणरावि जीवियं ॥**

**( सूत्रकृताङ्गम् अ. २ । )**

**ભાવાર્થ**—અહો ભવ્યો ! તમે જ્ઞાનદર્શનચારિત્રલક્ષણરૂપ ધર્મને જાણો–સમજો ! કેમકે આ એવંભૂત અવસર દુષ્પ્રાપ્ય છે. તેમજ મનુષ્ય–જન્મ, તેમાં પણ કર્મભૂમિ, આર્યદેશ, સુકુલોત્પત્તિ, સર્વ ઇંદ્રિયોની તન્દુરસ્તી, શ્રવણ–શ્રદ્ધા આદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્ત થયા છતાં પોતાની બુદ્ધિના આધારે કેમ એટલું નથી વિચારતાં કે ઉત્તમ સામગ્રી મળ્યા છતાં તુચ્છ ભોગોને તજી સદ્ધર્મનો બોધ પામવો ! કહ્યું છે કે:—

निर्वाणादिसुखप्रदे नरभवे जैनेन्द्रधर्मान्विते ।
लब्धे स्वल्पमचारु कामजसुखं नो सेवितुं युज्यते ॥
वैडूर्यादिमहोपलौघनिचिते प्राप्तेऽपि रत्नाकरे ।
लातुं स्वल्पमदीप्तिकाचशकलं किं साम्प्रतं साम्प्रतम् ? ॥

ધર્મ વિમુખ પ્રાણીઓને તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રપ્રાપ્તિલક્ષણરૂપ સંબોધિ પરભવમાં પણ નિશ્ચયે મહા દુર્લભ છે. કેમકે:—

विषयप्रमादवशात् सकृत् धर्माचरणाद् भ्रष्टस्यानन्तमपि कालं संसारे पर्यटनमभिहितमिति ।' અર્થાત્ વિષય–પ્રમાદવશથી એક જ વાર ધર્મ–આચરણ–ભ્રષ્ટને અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાનું છે.

વળી જે રાત્રિઓ વીતી ગઇ તે ફરી પાછી આવવાની જ નથી; તેમજ વીતી ગયેલ યૌવનાદિ કાળ ફરી–પાછો આવતો નથી. કહ્યું છે કે:—

भवकोटीभिरसुलभं मानुष्यं प्राप्य कः प्रमादो मे ? ।
न च गतमायुर्भूयः प्रत्येत्यपि देवराजस्य ॥

અર્થ—કરોડો ભવે દુર્લભ મનુષ્યપણું પ્રાપ્ત કરીને મારે પ્રમાદ કેવો ? કેમકે દેવરાજ–ઇન્દ્રને પણ ગત આયુષ્ય ફરી આવતું નથી.

તેમજ સંયમ–પ્રધાન જીવિત આ સંસારમાં સુલભ નથી અથવા તો જીવિત–ત્રુટેલ આયુષ્ય સંધાતું જ નથી.

પોષ અમાવાસ્યા.
વિ. સં. ૧૯૮૬

ભાયાણી હરિલાલ જીવરાજભાઇ
કાપડિયા–ભાવનગર

## જીવન સંસ્કૃતિ.

અનંત પુણ્યની શ્રેણીથી તથા અનેક સંસ્કારોના બળથી–આ માનવ જીવનની જ્યોત મળી છે, તે જ્યોતમાંથી તેજસ્વી સંસ્કૃતિ પ્રાપ્ત કરવા તથા આત્માને બંધનમુક્ત કરવા અડગ સાધના તથા પ્રબળ પુરૂષાર્થની જરૂર છે.

* * * * * * *

પરાક્રમને પ્રેરણાથી વ્યાપ્ત, દિવ્ય શકિતની ઉપાસના કરતું, આત્માના અણુએ અણુમાંથી ચૈતન્યને શોધતું, જ્ઞાનની, શ્રદ્ધાની અને ચારિત્રની સંસ્કૃતિથી ઉભરાતું તેજ આદર્શ જીવન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચેતન સ્થિતિની સામે યુદ્ધ કરતું, વિજયની દિવ્ય સાધનાને સિદ્ધ કરતું, જીવન તત્વને કોરી ખાતાં જે ભય, નિરાશા, પામરતા અને કાયરતાના તિમિરને દૂર કરી આત્મતેજથી પ્રકાશે તથા અનેક જીવનના આદર્શમાર્ગને ઘડે તેજ યથાર્થ જીવન છે.

* * * * * * *

અસત્યોથી નહિં દબાતા સત્યને પ્રકાશમાં લાવે, નિર્બળતાને સબળતાથી ઉન્મૂલન કરી નાખે, અજ્ઞાનરૂપ મંદતાને દૂર કરી જ્ઞાનથી પ્રકાશે, "સર્વં સત્વે પ્રતિષ્ઠિતમ્" એ વાકયને યાદ કરી સાત્વિક વૃત્તિના સંસ્કારથી જીવનને પ્રાણમય બનાવી દે તેજ દૈવી જીવન છે.

* * * * * * *

જે જીવનમાં સંસ્કૃતિ રૂપ સુગંધ ન હોય, શ્રદ્ધાનું બળ ન હોય, જ્ઞાનનું તેજ ન હોય, મહત્વાકાંક્ષાનું ધ્યેય ન હોય, ભ્રાતૃભાવની ભાવના ન હોય, પરોપકૃતિની છાયા ન હોય, વીરત્વની વાત ન હોય, સ્વાર્પણની સાધના ન હોય, તે જીવન જીવન નથી પણ પવનને લેતી–મુકતી ધમણપ્રાય સ્થિતિ છે.

* * * * * * *

**"क्रिया सिद्धिः सत्वे वसति महतां नोपकरणे"** એ વાકય ઉપરથા શાસ્ત્રકારોએ આપણને કહ્યું છે કે ગમે તેટલા ભોગે પણ "સત્વ" ને સાચવી રાખો. અને એ આત્મતત્વની સિદ્ધિનું કારણ છે અને તે બ્રહ્મચર્યાદિ ગુણોમાંથી પ્રાપ્ત થાય છે, તેના વિના જીવનની દરેક વિભૂતિ નષ્ટપ્રાય થાય છે અને જીવનને નિસ્તેજ બનાવે છે.

* * * * * * *

"કસોટી વિના કિંમત નથી" એ કહેવત અનુસાર આપણે જો કિંમતિ થવું હશે તો જરૂર સુવર્ણની જેમ કસોટીમાં ઉતરવું પડશે. અથડામણોથી, વિઘ્નોથી અને અસ્તોદયના ચક્રથી–હતાશ ન થતાં–પ્રગતિના પ્રવાહમાં આગળ વધવાનું છે. મહાત્મા સ્થુલીભદ્ર અને સુદર્શન શ્રેષ્ઠી બ્રહ્મચર્યની, અર્જુન અને કર્ણ પ્રતિજ્ઞાની, કુમારપાળ, ભામાશા, ઉદયન, વિગેરે પરોકૃતિની કસોટીમાંથી પસાર થયા પછીજ પ્રકાશી રહ્યા છે.

* * * * * * *

જીવનની અનેક સંસ્કૃતિ ઘડતો આજનો યુગ તથા સમય છે. આજે સ્વાર્પણની, આત્મવિશુદ્ધિની, અહિંસાની, આત્મપ્રગતિની, ઇત્યાદિ અનેક ઉત્ક્રાન્તિની ઉદ્‌ઘોષણાઓ થઇ રહી છે. એવા ઉચ્ચતમ ભવ્ય આદર્શોથી આપણા જીવનને ઓતપ્રોત બનાવી આત્મિક તેજ પ્રાપ્ત કરીએ. ઇત્યલં.

કસ્તુરચંદ હેમચંદ દેશાઈ
ધાર્મિક શિક્ષક, જૈનગુરૂકુળ–પાલીતાણા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મવિશ્વાસ.

( ૪ )

વિઠ્ઠલદાસ મૂ. શાહ બી. એ.

જે પશુપાલક શરૂઆતમાં જ ભયંકર અને જંગલી જાનવરના પાંજરામાં ભય અને સંદિગ્ધ મનથી પ્રવેશ કરે છે તેને સફલતા મળવાની આશા કયાંથી હોઇ શકે? જે એવા વિચાર કરતો પાંજરામાં પ્રવેશ કરે છે "હું આ જંગલી જાનવરોને વશ કરવાની કોશીશ કરીશ, પરંતુ મને ખરેખરો વિશ્વાસ નથી કે હું એમ કરી શકીશ. એવા અનેક મનુષ્યો છે કે જેઓ આવાં ભયંકર કાર્ય કરી શકે છે, પરંતુ હું એવા કાર્યમાં સફલતા મેળવીશ કે નહિ એ મને શંકા છે." તે પોતાના કાર્યમાં સફલતા કેવી રીતે મેળવી શકે ? જો મનુષ્ય આવા નિર્બળ, સંદિગ્ધ અને ભય પૂર્ણ વિચારોથી જંગલી જાનવરની સામે થાય તો તે જાનવર એનો નાશ કરશે એમાં જરા પણ સંદેહ નથી. એવા સમયમાં તો અવિચલ સાહસ તથા ધૈર્યથી જ એનું રક્ષણ થઇ શકે છે. પહેલાં તો એવા મનુષ્યે એને પોતાની આંખથી વશ કરવાં જોઇએ. આંખની અંદર ચિત્તાકર્ષક, હૃદયગ્રાહી, નિર્ભય અને નિશ્ચયાત્મક ભાવ ઝળકી રહેવો જોઇએ, કેમકે તેની આંખમાં જરા પણ ભયનો કે ભીરૂતાનો ભાવ ઝળકયો કે સમજી લેવું કે એનો જીવ ગયો.

એવી જ રીતે જ્યાં સુધી મનુષ્યના મનમાં એવો વિશ્વાસ ઉત્પન્ન નથી થતો કે જેની ખાતર હું કામ કરી રહ્યો છું તેને જ હું પ્રાપ્ત કરી રહ્યો છું ત્યાં સુધી તે સંસારમાં સફલતા–વિજય પ્રાપ્ત કરી શકતો નથી.

વેપારમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખનાર નવયુવકની સફલતાની આપણે કઇ રીતે આશા રાખી શકીએ કે જેનું શરૂઆતમાં જ એવું સંદિગ્ધ મન હોય છે કે "હું વેપારમાં સફલતા પ્રાપ્ત કરી શકીશ કે નહિ." જ્યાં સુધી સફલતાનો તને હાર્દિક વિશ્વાસ ન થાય, જ્યાં સુધી તેને એવો દૃઢ નિશ્ચય ન થાય કે એક દિવસમાં હું મોટો વેપારી થઇ જઇશ ત્યાં સુધી કોઇ પણ માણસને કદિ સફલતા મળતી જ નથી. મનુષ્ય એજ કાર્ય સારી રીતે કરી શકે છે, એ કાર્યમાં જ સફલતા પ્રાપ્ત કરી શકે છે જેની સિદ્ધિમાં એને હાર્દિક વિશ્વાસ હોય છે.

એ નવયુવક કેવી રીતે ધનવાન બની શકે, કે જેને વિશ્વાસ નથી કે હું ધન પેદા કરી શકીશ, જે એમ માને છે કે થોડા જ મનુષ્યોનાં ભાગ્યમાં ધન લખેલું હોય છે, મોટા પ્રમાણમાં મનુષ્યો ગરીબ રહેવાને જ સર્જાયલા છે અને હું પણ એવા મનુષ્યામાંનો એક છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મનુષ્ય કેવી રીતે વિદ્યા પ્રાપ્ત કરી શકે કે જેની દૃષ્ટિ નિરાશાથી છવાઈ ગઇ હોય છે. જે હંમેશાં એમ જ શોચ્યા કરે છે કે હાય ! શું કરૂં ? હું ઇચ્છું છું કે હું ખૂબ ભણું પણ હું નિઃસહાય છું, મને કોઇ પ્રકારનું ઉતેજન નથી. નથી મારી પાસે પૈસા કે નથી મારો કોઇ સહાયક. આવી ખરાબ હાલતને લઇને હું લાચાર બની રહ્યો છું. એથી વિદ્યાપ્રાપ્તિના દ્વાર મારે માટે બંધ થઇ ગયા છે. ”

જેને એવો ખ્યાલ બંધાઇ ગયો છે કે હું ઉચ્ચ પદવીને લાયક જ નથી એવો યુવાન કેવી રીતે ઉચ્ચ પદવીએ પહોંચી શકવાનો ?

એવા અનેક નવયુવકો નજરે પડે છે કે જેમાંના કેટલાક વકીલ, કેટલાક ડોકટર અને કેટલાક વેપારી થવા ઇચ્છતા હોય છે. પરંતુ તેઓની ઈચ્છાશકિત એટલી બધી નિર્બળ હોય છે, તેઓનો નિશ્ચય એટલો બધો ઢીલો હોય છે કે તેઓને શરૂઆતની જ મુશ્કેલીઓ તેઓના ઉદ્દેશથી ચલિત કરી દે છે. તેઓનો નિશ્ચય એટલો બધો નિર્બળ હોય છે કે તેઓ પોતાનું કાર્ય સારી રીતે શરૂ પણ નથી કરી શકતા. બીજી બાજુ જોઇએ તો એવા પણ અનેક નવયુવકો નજરે પડશે કે જેઓએ પોતાના વ્યવસાયને નિશ્ચિત રૂપ આપવામાં એટલો બધો ઉત્સાહ તથા શકિતથી કામ લીધું હોય છે. તેઓને તેઓના ઉદ્દેશથી કોઇ હઠાવી શકતું નથી; કેમકે તેઓએ મન, વચન તથા કાયાથી એમ માની લીધું હોય છે કે અમારો ઉદ્દેશ અમારાથી ભિન્ન નથી. તે અમારા શરીરનું એક વિશિષ્ટ અને મહત્વપૂર્ણ અંગ છે. જો આપણે અવિચલ સાહસથી સંપાદિત કરેલાં મોટા મોટા કાર્યોનું એના કર્તાઓથી વિશ્લેષણ કરીએ તો તેમાં આત્મવિશ્વાસ જ સૌથી પ્રધાન ગુણ જણાશે. તે મનુષ્ય જરૂર સફલતા પ્રાપ્ત કરશે, આગળ વધશે, ઉંચો આવશે, ઉન્નતિપંથે અગ્રસર બનશે કે જેને પોતાની કાર્ય–સંપાદિકા શકિતપર વિશ્વાસ હોય છે, જે માને છે કે મારામાં એટલી યોગ્યતા છે, જે વડે હું હાથમાં લીધેલું કાર્ય અવશ્ય પુરૂં કરી શકીશ. આ પ્રકારના વિશ્વાસનું કાર્યકર તેમજ માનસિક પરિણામ જે લોકો એવો વિશ્વાસ રાખે છે એના ઉપર જ થાય છે. એટલું જ નહિ પણ તેઓની પાસે જેઓ ઉઠતા બેસતા હોય છે તથા તેઓની સાથે સંબંધ રાખતા હોય છે તેઓની ઉપર પણ થાય છે.

જ્યારે મનુષ્યને એમ ભાન થવા લાગે છે કે હું પ્રભુતા પ્રાપ્ત કરી રહ્યો છું, ઉચ્ચતાને માર્ગે ચાલી રહ્યો છું ત્યારે જ તે આત્મ–વિશ્વાસ પૂર્ણતાએ કરવા લાગે છે, ત્યારે જ તે પોતાના વિજય ઉપર પ્રકાશ નાંખે છે અને ત્યારે જ તે ભય તથા શંકાના વિચારો ઉપર વિજય પ્રાપ્ત કરે છે. દુન્યવી લોકોનો વિશ્વાસ વિજયી મનુષ્યપર જ જામે છે. જેના ચ્હેરા ઉપર વિજયના ભાવો ઝળકી રહેલ હોય છે તે મનુષ્યનો જ વિશ્વાસ દુનિયાના લોકો કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે લોકો પોતાની શક્તિનો પ્રભાવ આપણી ઉપર પાડે છે તેઓનો વિશ્વાસ આપણે સ્વાભાવિક રીતે કરવા લાગીએ છીએ. તેઓ આત્મ–વિશ્વાસ વગર એમ કરી શકતા નથી. જ્યારે તેઓનું મન ભય તથા શંકાઓના વિચારથી ભર્યું હોય છે તેવી સ્થિતિમાં તેઓ આપણી ઉપર પ્રભાવ પાડી શકતા નથી. કેટલાક મનુષ્યોની કોઈ એવી અલૌકિક શક્તિ હોય છે કે તેઓનાં દર્શન માત્રથી જ આપણાં હૃદય ઉપર આપોઆપ તેઓનો આધ્યાત્મિક પ્રભાવ પડવા લાગે છે. આપણને તેઓની અંદર એક અદ્‌ભુત પ્રકારની દિવ્યતા જણાવા લાગે છે. તેઓ આપણા વિશ્વાસને પોતાની તરફ ખેંચી લે છે. આપણે તેઓની શકિત ઉપર વિશ્વાસ કરવા લાગીએ છીએ. એમ કેમ ન હોય ? કારણ કે તેઓ પોતાની શકિતપર નિરંતર દિવ્ય પ્રકાશ રેડયા કરે છે અને તેને અધિકાધિક ઉજ્વલ બનાવ્યા કરે છે.

તમે જરૂર એવા અનેક બાળકોને જોયા હશે કે જેઓ યોગ્યતામાં સમાન હોય છે તોપણ કેટલાક તો પોતાના ઉદ્દેશ તરફ વીરતા અને ધીરતાપૂર્વક પગ માંડતા હોય છે અને કેટલાક તો કોઇ પોતાને માટે માર્ગ શોધી દેશે એવી પ્રતીક્ષા કરતા હોય છે. તમે જાણો છો કે દુનિયાને એવી ફુરસદ નથી કે તે તમારી યોગ્યતાની તરફ તાકયા કરે; તે તો એટલું જ જુએ છે કે તમે તમારા ઉદ્દેશની તરફ કેવી ગતિથી ધપી રહ્યા છો.

તમે તમારી યોગ્યતા પર જેટલો અવિશ્વાસ કરશો, ભય અને શંકાને તમારા હૃદયમાં જેટલું સ્થાન આપશો, તેટલા જ તમે વિજયથી–સફળતાથી દૂર રહેશો. આપણો માર્ગ ગમે તેટલો કંટકાકીર્ણ અને અંધકારમય હોય તોપણ આપણે કદિપણ આપણા આત્મ–વિશ્વાસને–માનસિક ધૈર્યને તિલાંજલી ન આપવી જોઇએ. આપણી શંકાઓ અને ભય જેટલો બીજાના વિશ્વાસનો નાશ કરે છે તેવો બીજી કોઇ વસ્તુ કરતી નથી. ઘણાયે મનુષ્યોની અસફળતાનું કારણ એ છે કે તેઓ પોતાના નિરાશાજનિત ભાવોનું જ પ્રોત્સાહન આપ્યા કરે છે અને પોતાની પાસે બેસવા આવનાર લોકો પાસેથી એવી જ નિરાશામય પ્રેરણા મેળવ્યા કરે છે.

જો તમે તમારી જાતને પતિત માનશો, જો તમે એમ માનશો કે અમે તો માલ વગરના છીયે, અમારૂં કશું મહત્વ નથી તો દુનિયા તમને એવા જ માનશે, તે તમારૂં કશું મહત્વ નહિં ગણે અને તમારા અવાજની કશી કિંમત નહિ કરે.

એવો કોઈપણ મનુષ્ય જોવામાં નથી આવતો કે જેણે પોતાની જાતને તુચ્છ, હીન અને નિર્માલ્ય ગણતા છતાં કોઇ મહાન્ કાર્ય કર્યું હોય. આપણે આપણી જાતને જેટલી મહત્વની સમજશું તેટલું જ મહત્વપૂર્ણ કાર્ય આપણે કરી શકીશું.

જો તમે મોટા પદાર્થોની આશા રાખતા હશો, તેની જ માગણી કરતા હશો અને તમે તમારા મનોભાવને વિશાળ બનાવ્યા હશે તો તમને ઉંચા પ્રકારની સફલતા પ્રાપ્ત થશે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવા તમે તમારી જાતને ગણુશો, જેવો તમને તમારી યોગ્યતા પર વિશ્વાસ હશે, જેવું તમને તમારી ઉન્નતિનું મહત્વ જણાયું હશે અને તમે તમારી જાતને દુનિયાને માટે જેટલા ઉપયોગી તથા વજનદાર ગણુતા હશો તેવા જ ભાવ તમારા ચ્હેરા ઉપર તથા તમારા આચાર વિચારમાં જોવામાં આવશે. જો તમે તમારી જાતને તુચ્છ અને નિર્માલ્ય માનશો તો તમારા ચ્હેરા ઉપર એવો જ ભાવ દેખાશે. જો તમે તમારૂં પોતાનું સન્માન નહીં કરતા હો તો તમારો ચ્હેરો તે વાતની ગવાહી આપશે. જો તમે તમારી જાતને ગરીબ અને માલ વગરની માનતા હશો તો જરૂર સમજી લ્યો કે તમારા ચ્હેરા ઉપર કદિપણ ભાગ્યવાનની પ્રભા ચમકશે નહિ. તમારા ચ્હેરા પર ગરીબાઇની જ ઝબક ઝબકયા કરશે. જે કોઇ ગુણ તમે તમારામાં પ્રકટ કરો છો તેનો અંશ તે પ્રભાવમાં પણ રહેલો છે કે જે તમે બીજા ઉપર પાડો છો. (ચાલુ)

# સ્વીકાર અને સમાલોચના.

**સમ્યગ્દર્શન**—લેખક શ્રી વિજયમોહનસૂરિજીના પ્રશિષ્ય મુનિરાજશ્રી ધર્મવિજયજી. આ લઘુ ગ્રંથમાં સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ કેવા પ્રકારનો છે? પ્રાપ્તિનાં કારણો અને તે કોને પ્રાપ્ત થઇ શકે તેના પ્રકાર તે આત્મભાવ છે કે પરભાવ છે? તે જાણુવાનાં લક્ષણો, તેની પ્રાપ્તિથી આત્મા કેવા પ્રકારના ફળનો ભોક્તા થાય છે એ સાત પ્રકારના દ્વારથી વિવેચન કરેલ છે. છેવટે સમ્યક્ત્વના સડસઠ ભેદોનાં નામ આપી ગ્રંથ સંપૂર્ણ કરેલ છે. એકંદર રીતે જિજ્ઞાસુ માટે સરલ છે. પ્રસિદ્ધ કર્ત્તા શ્રી મુક્તિકમળ જૈન મોહનમાળાના કાર્યવાહક લાલચંદ નંદલાલ શાહ–વડોદરા કિંમત અમૂલ્ય.

**આત્માનંદ–માસિકપત્ર**—સંપાદક ચાંદમલ બાબુ મંત્રી શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી–અંબાલા. આ સોસાયટી તરફથી પંદર વર્ષથી સાહિત્ય પ્રચાર વડે જૈન ધર્મનો પ્રચાર પંજાબ દેશમાં જૈન સમાજ માટે કરી રહેલ છે. તેમના તરફથી ૧૦૮ બુકો અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલ છે. અનેક બાજુ તરફથી એક જૈન સમાચાર પત્ર પ્રકાશિત કરવાની માંગણી થવાથી ટ્રેકટને માસિકપત્રના રૂપમાં ગયા જાનેવારી માસથી ફેરવી નાંખેલ હોવાથી આ આત્માનંદ–માસિકપત્ર રૂપે પ્રથમ અંક પ્રકટ થયેલ છે. હિંદિ ભાષામાં અને પંજાબ જેવા દેશમાં આવા એક માસિકપત્રની જરૂર હતી તે આ સોસાઇટીએ પુરી પાડી છે. અમે તેની ભવિષ્યની ઉન્નતિ ઇચ્છીયે છીયે. વાર્ષિક બે રૂપીયા લવાજમથી પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

**દિગંબર જૈન**—સચિત્ર વિશેષાંક. સંપાદક મૂળચંદ કિશનદાસ કાપડીયા–સુરત. વર્ષ ૨૩ મું અંક ૧–૨ વાર્ષિક મૂલ્ય રૂ. સવાબે. દિગંબર જૈન સમાજ તરફથી પ્રગટ થતા આ માસિક પોતાના સમાજની આ પ્રકારે સેવા કરી રહેલ છે. તેમાં આવતા દિગંબર જૈન સમાજના વિદ્વાન પુરૂષોના હિંદી અને ગુજરાતી ભાષાના લેખો અને દિગંબર જૈન સમાજના હિંદના ગામે ગામોના વર્તમાન સમાચારથી તે આવકારદાયક થઇ પડેલ છે. તેમની દર વર્ષે સચિત્રાંક કાઢવાની પ્રણાલિકા ખેંચાણુકારક છે. કેટલીક કેટલીક હકીકતો જાણુવા જેવી પણ આવે છે. અમો તેની આબાદી ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જુન્નેર ( જીલ્લા પુના ) શહેરમાં મળેલી તેરમી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## વ્યવહારકુશળ અને કુનેહબાજ કાર્યવાહકોએ સહનશિલતા રાખી સહીસલામત પાર ઉતારેલું કોન્ફરન્સનું નાવ.

**સંવત ૧૯૮૬ના મહા શુદ ૧૦, ૧૧, ૧૨, શનિ, રવિ, સોમવાર તા. ૮–૯–૧૦ ફેબ્રુઆરી.**

મહારાષ્ટ્રીય નરવીર રત્ન શિવાજી મહારાજની જન્મભૂમિ જુન્નેરમાં ઉપરોકત દિવસે આપણી મૂર્તિપૂજક ( જૈનોની ) જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મળી હતી. સાથે મારવાડી જૈન બંધુઓ અને મહારાષ્ટ્રીય જૈન બંધુઓનું સંમેલન અને જૈન સેનેટરીએસોસીએશન તરફથી આરોગ્ય પ્રદર્શન સાથે જૈન મહિલા પરિષદ પણ હતી. ઘણા વખતથી નિદ્રામાં સુતેલ કોન્ફરન્સની આ જાગ્રતિ એકાએક જરૂરી વખતે ઉભી થતી હોવાથી, જૈન બંધુઓનો ઉત્સાહ પણ સાથે ઉભો થયો હતો. શુમારે ચાર હજાર મનુષ્યોની હાજરી હતી. મહારાષ્ટ્રમાં આ સંમેલન થતું હોવાથી બીજા પ્રાંત કરતાં મહારાષ્ટ્રીય બંધુઓમાં વિશેષ ઉત્સાહ ખંત અને સેવા ભાવના પ્રગટી નીકળી હતી. મહારાષ્ટ્ર જીલ્લામાં આવું સંઘ સેવાનું સંમેલન થાય તે મહારાષ્ટ્રીય બંધુઓ માટે માંગલિકના દિવસો હતા. તનતોડ મહેનત કરી, તન, મન, અને ધનનો સારો વ્યય, કરી મુશ્કેલીઓ તેમજ સંકટો સહન કરી પરિષદ પાર ઉતારવાનું, કોન્ફરન્સને નવી જાગૃતિ આપવાનું અને વિજયવતી બનાવવાનું માન કોન્ફરન્સના કાર્યવાહકો સાથે તે ભાઇઓ પણ ખાટી ગયા છે. પ્રમુખ શ્રી રાવસાહેબ રવજીભાઇ સોજપાલ સુમારે ૩૦૦ ડેલીગેટો સાથે પુના પધારતાં ત્યાંના જૈનોએ સ્વાગત કર્યું હતું. ત્યાંથી મોટરમાં જુન્નેર પધારતાં શેઠ ચુનીલાલ સ્વરૂપચંદના અધિપતિપણા નીચે કમીટીએ સ્વાગત કર્યું હતું. પછી પ્રમુખશ્રીનું સરઘસ જુન્નેર શહેરના જાહેર રસ્તા ઉપર નીકળ્યું હતું. આખા જુન્નેર શહેરને વાવટા તોરણ વગેરેથી શણગારવામાં આવ્યું હતું. સરઘસ જોવાનો લોકોનો ઉત્સાહ જબર હતો. સરઘસ શહેરમાં ફરી પરિષદ્‌ના મંડપમાં આવતાં ત્યાંની મ્યુનીસીપાલીટી તરફથી પ્રમુખશ્રીને માનપત્ર આપવામાં આવ્યું હતું. ( જે બનાવ પ્રથમ હતો, ) પ્રમુખ સાહેબે તેનો યોગ્ય ઉત્તર આપ્યો હતો.

તા. ૮ મીના રોજ બપોરના દોઢ વાગે શેઠ રવજીભાઇ સોજપાલના પ્રમુખપણા નીચે પરિષદ્ મંડપમાં કોન્ફરન્સની પહેલા દિવસની બેઠક મળી હતી. પ્રથમ રા. મનસુખલાલ લલ્લુભાઇએ મંગળાચરણ કર્યા બાદ બાળકો અને કન્યાઓએ સંગીત વાવટા સાથે ગાઇ બતાવ્યું હતું. ત્યારબાદ સ્વાગત સમીતિના ચીફ સેક્રેટરી શ્રી મોતીલાલ વીરચંદે આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ સ્વાગત સમિતિના પ્રમુખશ્રી ચુનીલાલ સ્વરૂપચંદે આવકાર આપનારૂં ભાષણ વાંચી સંભળાવ્યું હતું. જેમાં આભાર માનવા સાથે જણાવ્યું કે આ પુણ્ય ભૂમિમાં ત્રણશે વર્ષ પહેલાં હિંદુઓનો ઉદ્ધાર કરનારી પ્રચંડશકિત શિવાજીના રૂપમાં પ્રગટ થઇ હતી. અમોને આશા છે કે જૈનોનો પુનરૂદ્ધારનો પાયો પણ આજ પુણ્યભૂમિમાં નંખાશે અને નવચેતન જૈનોમાં રેડવાનું માન મહારાષ્ટ્રને મળશે. વગેરે એવી મને પ્રબળ આશા છે. આગળ ચાલતાં જણાવ્યું કે કેટલાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષોથી કોન્ફરન્સ ભરવી બંધ પડેલ જોઇ અમારા ભાઇઓના મનમાં અહિં ભરવાનો ઉત્સાહ આવ્યો, અને જવાબદારીનો ખ્યાલ કરતાં અત્યારે અતિ કષ્ટ પ્રદ છતાં, બીજા કોઇ જીલ્લાએ કોન્ફરન્સ ભરવાને નોતરૂં આપવાનું યોગ્ય ધાર્યું નથી તેવા પરિસ્થિતિમાં આ બીજી વખત મહારાષ્ટ્રે આમંત્રણ આપવાનું સાહસ કેવળ સંઘના દર્શન કરવાનું, સંઘની શોભા અને મહત્વ વધવાના સાત્વિક મોહના લીધે ઉપાડી લીધું છે. જ્યારે સમાજમાં અનેક પક્ષો પડયા છે, કોણ કયા પક્ષનો હશે તે સમજવું મુશ્કેલ થઇ પડેલ છે અને ઉત્તમોત્તમ અને ગંભીર મનુષ્યોના મગજો પણ સલાહસંપ કરાવવામાં ખાલી થયા છે, તેવા કટોકટીના વખતમાં મહારાષ્ટ્રે કેવળ આત્મા ઉપર તેમજ સમાજના આગેવાન, શાંત અને વિચારક વર્ગ ઉપર વિશ્વાસ રાખી આ સાહસ વહોરી લીધું છે તેથી આપ સાહેબો અમારી ધારણા યશસ્વી કરી, સમતા શાંતિ અને ધર્મપ્રેમથી પ્રેરાઇ યોગ્ય ઘટનાઓ અમલમાં લાવશો એવી અમોને સંપૂર્ણ આશા છે. ત્યાર પછી જુન્નેરનું ઇતિહાસિક વર્ણન આપ્યા બાદ જણાવ્યું કે અમોને આ કાર્ય માટે જોઇએ તે કરતાં પુષ્કળ મદદ મળી છે જે ઉપરથી જૈનોનો સમાજ ઉપર પ્રેમ અને કોન્ફરન્સના કાર્યો તરફ સહાનુભૂતિ છે: તેમજ કુશળ કાર્યવાહક હોય તો જૈનોમાં સારી જાગૃતિ સાથે કોન્ફરન્સના ઠરાવોનો અમલ પણ સારા પ્રમાણમાં થઇ શકે તેમ છે. આગળ ચાલતાં જણાવ્યું કે અમોએ કોન્ફરન્સનું આમંત્રણ આપ્યું તે બાદ કેટલાકોએ પોતાનો અશુભ સૂર કાઢી અમારા માર્ગોમાં કાંટા પસારવામાં બાકી રાખી નથી, છતાં અમારા તે ભાઇઓના ખરાબ કાર્યોથી અમારા ભાઇઓમાં દ્વિગુણીત ઉત્સાહ વધી ગયો હતો. આવી બાલીશતાથી સમાજ પોતાના કાર્યથી પરાંગમુખ થાય તે બનવું અશક્ય છે. ભારતવર્ષનો યુવકવર્ગ હવે જાગ્રત થયો છે તો જૈન કોમમાં નવો પવન ફુંકાય તેમાં નવાઇ નથી, માટે કાળ આગળ નમતું આપી મુખ્ય સિદ્ધાંતને વળગી રહી પ્રગતિમાં સાધકરૂપ બનવું યોગ્ય છે. યુવક અને પ્રગતિમાન ઉત્સાહી બંધુઓએ પણ કાર્યનું મહત્વ, જુનાઓનો અનુભવ અને અનુભવેલા સારાસારનો વિચારોનો પણ સાથેજ વિચાર કરવો જોઇએ. વૃદ્ધોમાં જેમ સાહસ હોતું નથી, તેમ યુવાનોમાં વિચારની ગંભીરતાનું વૈગુણ્ય હોય છે, એ વાત નજર બહાર રાખી પાલવે તેમ નથી માટે વૃદ્ધોનો અનુભવ અને યુવાનોનું સાહસ એના ભેગાં મેળ સાથે હાલના પ્રગતિમાન જમાનામાં કાર્ય પ્રવૃત્તિ થવી જોઇએ. સમાજથી ઝીલી ન શકાય તેવા પ્રશ્નો સમાજ આગળ ધરી પહેલેથીજ અભાવ ધારણ કરનાર બીકણ સમાજને એકદમ ભડકાવી મુકી સુધારા વિષે પરાંગમુખ કરી નાખવાનું સાહસ કરવાનો હજુ સમય આવ્યો નથી એમ મને લાગે છે. આગળ ચાલતાં કોન્ફરન્સની અસ્તિત માટે વિરૂદ્ધ બોલનારને તેનાથી થતાં લાભો સમજાવી કોન્ફરન્સની કેટલી ઉપયોગીતા છે અને ધર્મદષ્ટિએ પણ પુણ્યકાર્ય છે એમ સમજાવ્યું. ત્યારબાદ કોન્ફરન્સે સામાન્ય અને ધાર્મિક કેળવણીના અંગે, હાનિકારક રિવાજોની બંધ કરાવવાની બાબતમાં વગેરે વગેરે બાબતમાં શું શું કર્યું છે અને કેટલી પ્રગતિ કરી છે તે નજરે પડે છે. પ્રગતિને માટે હજીપણ ઘણુંજ મોટું કાર્યક્ષેત્ર પડેલું છે, માટે કોન્ફરન્સ ભરાતી રહેશે તો જ આપણે તેવા કાર્યો હાથ ધરી શકીશું. ત્યારબાદ કોન્ફરન્સના બંધારણ ફરીથી તૈયાર કરવા, કેળવણીના ઉત્તેજન માટે હાઇસ્કુલ, ગુરૂકુળો અને જૈન વિશ્વવિદ્યાલય ખોલવાની જરૂરીઆત, જૈન ધર્મ ઉપર થતાં આક્રમણનો પ્રતિકાર કરવા તૈયાર થવા માટે વ્યાયામશાળા, અખાડાની જરૂરીયાત, જૈનોની ગરીબાઇને દૂર કરવા, જૈન બેંક સ્થાપવા, ખાદીના પ્રચાર ઉપર, હીંદુઓ સાથે રાજકીય, સામાજિક, ઉદ્યોગીક અને ધાર્મિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યોમાં સહભાગી થવા, ધાર્મિક ખાતાના હિસાબોની ચોખવટ અને પ્રગટ કરવાની બાબત, હાનિકારક રિવાજો દૂર કરવા, તીર્થ ઝગડાનો લવાદમારફત નિકાલ લાવવા, જ્ઞાનભંડારોનું રક્ષણ કરવા, અને લોકભાષામાં જૈન સાહિત્યનો પ્રચાર કરવા વગેરે વગેરે બાબતો માટે જણાવ્યું હતું, છેવટે જુન્નેરના સંઘ અને કોન્ફરન્સમાં પધારેલ ગૃહસ્થોનો આભાર માની પોતાનું ભાષણ સમાપ્ત કર્યું હતું.

સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ ચાલતું હતું તે દરમ્યાન જૈન યંગમેન સોસાયટીના ગ્રહસ્થો અને બીજા બંધુઓએ ડેલીગેટો તરીકેની ટીકીટો મેળવવાની હઠ લીધી હતી, પરંતુ જેઓને કોઇ સંઘ કે સંસ્થાએ ડેલીગેટો તરીકે ચુંટેલા નહિં હોવાથી, તેમજ કોન્ફરન્સના બંધારણની રૂઇએ ડેલીગેટોની ટીકીટો તેઓ મેળવી શકે તેમ ન હોવાથી બહાર શોરબકોર થઇ રહ્યો હતો. છેવટે તેઓએ મંડપમાં પથ્થરા ફેંકવા માંડયા અને તેથી શેઠ દલપતભાઇ રવચંદ મહારાષ્ટ્રીય એક સ્વયંસેવકપર પથ્થરા મારી સખ્ત હુમલો કરવાથી તે ભાઇ બેભાન થઇ ગયેલ જેથી તેને મંડપમાં લાવવામાં આવેલ હતા. શાંતિ સમાધાન કરવા જનારા બંધુ ગુલાબચંદજી ઢઢ્ઢા જમીન ઉપર પડી ગયા હતા. અને બંધુ રણછોડભાઇ રાયચંદ ઝવેરીની પાઘડી પડી ગઇ હતી. આવી અનેક મુશ્કેલીઓ અત્યાચાર કરનારાઓએ ઉભી કરવાથી પોલીસ પાર્ટી આવી પહોંચી હતી અને સભામાં શાંતિ થઇ હતી. જાણવા પ્રમાણે ગડબડ મચાવનારાઓ બીજાઓ સાથે છેવટે મંડપ અને જુન્નેર ગામ છોડી ગયા હતા. આ તોફાન કેમ થયું ? કોણે અને કેવી રીતે કર્યું તે સ્વાગત કમીટીના હીત માટે કોન્ફરન્સ જનરલ સેક્રેટરીઓની સહીથી સત્તાવાર યાદી બહાર પાડવામાં આવી હતી. જે પેપરોમાં આવી ગયેલ છે.

ત્યારબાદ મી. બાલચંદ હીરાચંદની દરખાસ્ત. તથા શેઠ પોપટલાલ રામચંદ. તથા શેઠ રતનચંદ ખીમચંદ, શેઠ બાબુલાલ નાનચંદના ટેકાથી શેઠ રવજીભાઇ સોજપાળ રાવસાહેબે પ્રમુખસ્થાન સ્વીકાર્યા બાદ નીચે પ્રમાણે લેખીત ભાષણ તેઓશ્રીએ વાંચી સંભળાવ્યું હતું.

# શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખસ્થાનેથી

## રાવસાહેબ રવજીભાઇ સોજપારનું વક્તવ્ય.

**બન્ધુઓ અને બ્હેનો:—**

જૈન સમાજ તરીકેનું આપણું મિશન જેટલું પવિત્ર છે તેટલી જ મહાન્ આપણી 'જૈન' તરીકેની જોખમદારી છે. એ મહાન્ જોખમદારી સંપૂર્ણપણે અદા કરવાનું ત્યારે જ બની શકે કે જ્યારે શ્રી જિનદેવના વાહનરૂપ જૈનસમાજ પોતે ઐશ્વર્યવાન અને એકરૂપ હોય સમાજને એવો બનાવવા માટે જ આજથી ૨૮ વર્ષપર સંગઠન રચવામાં આવ્યું હતું. અને એને ' જૈન કોન્ફરન્સ ' એવું નામ આપવામાં આવ્યું હતું. એ કોન્ફરન્સનું આજે તેરમું અધિવેશન છે. મ્હારા જેવા અદના વ્યાપારી માટે આ જોખમદારીનો બોજો અસાધારણ છે અને જો કે હું એક વ્યાપારીને સ્વાભાવિક એવી ' સાદી સ્હમજ, ' સહિષ્ણુતા તથા શાન્ત ઉત્સાહવડે એ બોજો ઉપાડવા પ્રયત્ન કરીશ, તો પણ પૂર્ણ સફળતા માટે તો મ્હેં આપ સર્વની—વૃદ્ધો તેમજ યુવાનોની—' સાદી સ્હમજ, ' અને સહૃદય સહકાર પર જ મદાર બાંધ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જીવતું વાતાવરણ:—**

વીરપુત્રો ! પ્રારંભમાં જ હું આપને બે સુંદર યોગ મેળવવા માટે મુબારકબાદી આપું છું. તે બે યોગ બીજા કોઇ નહિ પણ આ સમ્મેલનનું સ્થાન અને સમ્મેલનનો સમય. બન્ને યોગમાં વિલક્ષણતા છે, જીવતું વાતાવરણ ' છે. આ સ્થાન તે છે કે જેણે સમસ્ત ભારતના આર્ય સંસ્કારનો નાશ થતો અટકાવનાર શીવાજી જેવો વીરપુત્ર પ્રસવ્યો હતો. એ વીરપુત્ર ની વીરતાના પાયામાં ચારિત્રનું ચણતર હતું. સમથ યોગી રામદાસે એને એવા સંસ્કાર આપ્યા હતા કે જેથી શરીરબળનો દુરૂપયોગ થવા જ ન પામે. એને શત્રુનાં અને પોતાના સાધનોનું ભાન હતું, અનુકુલ પ્રસંગ મળતાં સુધી થોભી જવાની એનામાં ધીરજ હતી, પ્રસંગ મળતાં સંગઠિન બળથી અને વજ્રની ઇચ્છાશકિતથી હુમલો કરવાની તે કુનેહ ધરાવતો હતો, દેશીઓ કે તટસ્થો, નિર્દોષો કે નબળાઓને ઇજા ન થવા પામે એવી દયા ત્હેનામાં હતી, અને મહાન્ સંકટોને પરિણામે મળતા જય ગુરૂચરણમાં અપર્ણ કરવા જેવી ત્યાગવૃત્તિ તથા ભકિત તે ધરાવતો હતો. સાચી વીરતા, સાચી માણસાઇ, એનું નામ કહેવાય. એ ગુણો અથવા સંસ્કારો વગર કોઇ વ્યકિત કે સમાજ, દેશનો વિકાસ કે મુકિત સંભવે નહિ. આપણે હમણાં આદરેલા કાર્યની સફલતા માટે પણ એ ગુણોની આરાધના આવશ્યક છે. શીવાજીના શત્રુઓ શરીરબળમાં ઓછા નહોતાં, પણ ચારિત્રબળ અર્થાત્ આધ્યાત્મિક બળમાં ઉતરતા હતા. જરા શરીરબળ પાશવબળને ચારિત્ર બળના અંકુશમાં મૂકવું એ આર્યપ્રજાનો સનાતન પુરૂષાર્થ છે. અને શીવાજી મહારાજ એ ' પુરૂષાર્થ ' ના સાચા પ્રતિનિધિ હતા. એવા પુરૂષની જન્મભૂમિમાં આ સંમ્મેલન ભરવાના પ્રયત્નમાં ફતેહમંદ થવા માટે આપને અભિનંદન આપ્યા શિવાય મ્હારાથી રહેવાય જ કેમ ?

બીજો યોગ સમ્મેલન માટેનો સમય છે. આ કોન્ફરન્સનો જન્મ થયો તે સમયના વાતાવરણ કરતાં આજે જ્યારે અઠ્ઠાવીશ વર્ષે તેરમું અધિવેશન થાય છે તે સમયનું વાતાવરણ જૂદું જ છે. આજે આખી દુનિયામાં જયપિપાસાની આગ સળગી ઉઠી છે. આપણી જન્મભૂમિએ સેંકડો વર્ષની પરાજિત મનોદશાને દેશવટો દઇ સ્વતંત્રતાનું ધ્યેય જાહેર કર્યું છે. આપણા જૈન સમાજમાં પણ–યુવક વર્ગમાં જ માત્ર નહિ પણ પુરાણપ્રેમી વર્ગમાં પણ–લાંબો વખત સૂતેલી વિચારશકિત અને ક્રિયાશકિત કુદકા મારવા લાગી છે, ' થાય તે થવા દેવું ' ' ઘર સાચવીને બેશી રહેવું ' એવી જે ભાવનાના પાશમાં દેશ અને સમાજ જકડાયા હતા તે ભાવના હવે શીથીલ થવા લાગી છે. ટુંકમાં કહું તો; આજે આપણી આસપાસ ' જીવતું વાતવરણ' ઉત્પન્ન થઇ ચૂક્યું છે.

એ નવીન પરિસ્થિતિમાં આપણે પહેલી વાર જ એકઠા મળીએ છીએ. ' જીવતા વાતાવરણ ' ને ભેટવાની પહેલી તક મેળવવા માટે હું આપ સર્વને મુબારકબાદી આપું છું, વિવિધ અભિપ્રાયો અને વિવિધ બળોની અત્રે હાજરી હોવી એ આપણા વિકાસનો ચોક્કસ પુરાવો છે. અને એ વિકાસક્રમમાં આગળ વધવા માટે આપણે એ વિવિધતાઓમાંથી ય એકતા રચીશું. જ્યાં સુધી આપણા પૈકીના ઘણાખરાના ઇરાદા પ્રમાણિક હશે, ધ્યેય ચોક્કસ હશે અને હૃદય એક હશે, ત્યાંસુધી અભિપ્રાય ભિન્નતાનો ભય રાખવાની લેશમાત્ર જરૂર નથી. એથી ઉલટું, જ્યાં તમામ મનુષ્યો એક જ અભિપ્રાય ધરાવવાનો દેખાવ કરે છે ત્યાં કાં તો દંભ છે, કાં ભય છે, કાં પ્રમાદ છે કાં અજ્ઞાનતા છે. પોત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના અનુભવ પ્રમાણે માણસ પોતાનો અભિપ્રાય ધરાવે અને એમજ જાહેર કરે, એ જ પ્રમાણિકતા છે. વ્યકિતગત પ્રમાણિક અભિપ્રાય એ તો સમાજની જરૂરીઆત છે. પણ તે સાથે જ, એ પણ સમાજની જરૂરીઆત છે કે સામાજિક કાર્યના નિર્ણય વખતે વ્યકિત-એ બહુમતનું મહત્વ સ્વીકારી પોતાના જ વિચારનો અમલ કરવાની સમાજને ફરજ પાડવાના મોહમાં બચવું જોઇએ. જો દરેક વ્યકિત એમ જ આગ્રહ કરે કે સમાજે ત્હેના જ વિચારનો અમલ કરવો જોઇએ, તે સમાજનું કાર્ય જ અશકય થઇ પડે. સારામાં સારો વિચાર પણ કોઇ પર–ખાસ કરીને વિરૂદ્ધ મત ધરાવતા હજારો માણસો પર–બલાત્કારથી ઠોકી બેસાડવાનું શકય નથી. સહીસલામત પણ નથી. જે શકય છે, સહીસલામત છે અને પ્રમાણિક છે તે એટલું જ કે પોતાનો અભિપ્રાય બીજાઓને બંધુભાવે સમજાવવાનો દરેક પ્રયાસ કર્યા બાદ ત્હેના સ્વીકાર કે અસ્વીકાર માટે તેઓને સ્વતંત્ર રહેવા દેવા. પોતાના હૃદયનો અવાજ બીજાના હૃદયમાં ઉતારવાની બનતી તમામ કોશીષ ન કરવી એ ચારિત્ર-બળની ખામી સૂચવે છે, અને પોતાનો વિચાર ન સ્વીકારી શકે તેઓ પર ગલીચ વાક્પ્રહાર કરવા કે હાથ ઉપાડવા એ પશુનું લક્ષણ છે. પશુપણામાંથી મનુષ્યપણામાં આવી ચુકેલા જીવો માટે જ–એથી ય ઉંચી યોગ્યતા આપવા ખાતર–જૈનધર્મ યોજાયો છે. પાશવપ્રકૃતિ ન્હાના મ્હોટા એક પણ જૈનમાં બરદાશ કરી શકાય નહિ. એક તરફ ભીરૂતા અને બીજા તરફ પાશવવૃત્તિ એ બે મનુષ્યત્વના ખરા શત્રુ છે અને એ શત્રુઓને જીતવાની જેણે તાલીમ લીધી છે તે જ ' જૈન ' છે. ભીરૂતા અને પાશવ-વૃત્તિ એ જ સમાજ અને દેશની પ્રગતિને અટકાવનાર મહાન ' બંધ ' છે.

આવી પ્રતિનિધિ સભામાં ભાગ લેનાર તમામ વ્યકિતઓ પાસેથી એટલી આશા રાખવાનો આપણો હક્ક છે કે તેઓએ સર્વનું ધ્યેય જૈનસમાજને સંગઠિત અને સશકત બનાવી તે દ્વારા જગતને વધારેમાં વધારે ઉન્નત બનાવવાનો પ્રયાસ કરવાનું છે અને તેઓ સર્વનું હૃદય આ ધ્યેયને સ્વીકારનારા સઘળાઓના સુખે સુખી અને દુઃખે દુઃખી છે.

એ આશાના આધારે જ મ્હેં આ મહારથનું ધુંસરૂં ઉપાડવાની હિમ્મત ધરી છે. આપ સર્વના સહકાર અને ' સાદી સમજ ' વડે જ આ રથને યથેચ્છ સ્થાને પહોંચાડી શકાશે, અન્યથા નહિ જ. ધ્યેય સફલ થશે તો ત્હેનો યશ આપને છે, નિષ્ફળ જશે તો અપયશ આપને અને ગેરલાભ આપસહિત સમસ્ત સમાજને છે. મ્હારા તરફથી હું પ્રારંભમાં જ ખાત્રી આપું છું કે મ્હારા અંગત અભિપ્રાય ગમે તે હશે તે છતાં ઠરાવો કરવાના ત્હમારા પ્રમાણિક પ્રયાસમાં મ્હારા અભિપ્રાયોને દખલગીરી કરવા નહીં જ દઉં. તે સાથે એ પણ એકરાર પ્રગટ કરવાની મ્હારી ફરજ છે કે કોઇપણ વ્યકિત કે વ્યકિતઓ–પછી તે સુધારક હો વા પુરાણપ્રેમી હો ગમે તે હો–સભાના સર્વમાન્ય નિયમોનો ઇરાદાપૂર્વક ભંગ કરવા કોશીષ કરશે તો તેવે વખતે તેવી થોડી વ્યકિતઓની ક્ષણભરની લાગણીઓ તરફ નહિ પણ કોન્ફરન્સના ભૂષણ તથા સમાજના હિત તરફ વધુ ઝુકીશ. મ્હને કોઇ પક્ષ તરફની વાહવાહ જોઇતી નથી; કારણ કે જ્યાં એકપક્ષ તરફની વાહવાહ છે, ત્યાં બીજા પક્ષ તરફની નિંદા પણ સાથે જ છે. પ્રમુખ એ સમાજનો ' દાસ ' છે, પણ દાસ છે તેથી જ સમાજનું ઘર જાળવવાની જોખમદારી ભૂલવી એને પાલવી શકે નહિં.

ગૃહસ્થો ! મ્હારા વલણ અને મ્હારા નિશ્ચયથી હું આપને વાકેફ કરી ચૂકયો છું. અને હવે આપ સર્વના વલણ અને નિશ્ચય બાબતમાં મ્હને આપ નિશ્ચિંત રાખશો એટલું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માગી લઉં છું. હું માગી લઉં છું કે, ગમે તેવી પવિત્ર ફરજ બજાવવા નિમિત્તે પણ કોઇની લાગણી દુખાવવાની કોઇ મ્હને ફરજ ન પાડે. હું માગી લઉં છું કે, વાજબી કે ગેરવાજબી રીતે પોતે માનેલા નેતાની એકહથ્થુ સત્તા સમાજપર ઠોકી બેસાડવાનો પાઠ ગોખીને કોઇ આવ્યું હોય તો એ પાઠને મંડપની બહાર ઝાટકી આવ્યા પછી જ પવિત્ર વીતરાગ દેવના મિશનરૂપ આ યજ્ઞમાં જોડાય. હું માગી લઉં છું કે જિનદેવે પોતે જેની ગરજ કરી હતી એવો સંયમ ગુણ એટલે મનોનિગ્રહ તથા ગુપ્તિ એટલે પોતાની શક્તિઓનું પ્રદર્શન કરવાના મોહને જિતવાપણું : એ બે ગુણરૂપ શસ્ત્રોથી જ સર્વ કોઇ સંતોષ પકડે. હું માગી લઉં છું કે, સુધારકો કે પુરાણપ્રેમીઓ કોઇ અશક્યની આશા ન કરે—આખા સમાજના મ્હોટા ભાગને પસંદ ન હોય તેવા કોઇ કાર્યને એક વખતની દલીલ માત્ર વડે થઇ ગયેલું જોવાની આશા ન કરે. હું માગી લઉં છું કે 'વ્યવહાર' નું યથાર્થ સ્વરૂપ ઠીક ઠીક નહિ સમજવા છતાં 'નિશ્ચય' નું નાટક ભજવવા જેવી આત્મવંચના કોઇ ન કરે. હું માગી લઉં છું કે, કાંઇપણ અભિપ્રાય આપવા પહેલાં યાદ રાખવામાં આવે કે આપણે બધા કોઇ હવાઇ પ્રદેશમાં રહેતા નથી; પણ સ્થૂલ પૃથ્વીપર રહીએ છીએ. જ્યાં ઇચ્છાએ કે વગર ઇચ્છાએ પણ કોઇ રાજાના કાનુનો પાળવા સિવાય ચાલતું જ નથી અને જાહેર મતની પણ દરકાર કર્યા વગર ચાલતું નથી, તથા જ્યાં ગમે તેવા વિદ્વાન્ સાધુ પણ કાયદાને માન આપ્યા સિવાય, પાપી (?) ગૃહસ્થાશ્રમ પાસેથી મેળવેલું અન્ન ખાધા સિવાય, પાપમૂલક (?) પૈસાની મદદ સિવાય અને મિથ્યાત્વી (?) દુનિયાના અભિપ્રાયની દરકાર કર્યા સિવાય તો એક ડગલું ભરી શકે તેમ નથી. બે ને બે ચાર કહેવા જેવી આ સાદી વાતો સ્મરણમાં રાખીને કામ કરાય તો વિવિધ અભિપ્રાયો અને વિવિધ બળો તો ઉલટાં આપણી ગતિને શક્તિ ધીરનાર થઇ પડે. અને જો એ સાદાં સત્યોને ઇરાદાપૂર્વક તરછોડવામાં આવે તો છેદનભેદન થઇ ચૂકેલો આપણો સમાજ નષ્ટપ્રાય થવા સાથે આપણે બધા જગતની હાંસીને પાત્ર બનીએ એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

## ભય કઇ દિશાનો છે ?

કોઇપણ કોમ કે દેશની સહીસલામતી અને પ્રગતિને ભય કઇ દિશાનો હોઇ શકે ? શું સુધારકો ભય રૂપ છે ? શું પુરાણપ્રેમીઓ ભયરૂપ છે ? એક પણ નહિ. એ બન્ને તો કોમ કે દેશના રથની ચોક્કસ પ્રગતિ સાધનારી શક્તિઓ છે. એક શક્તિ રથને આગળ ધકેલવા મથે છે, બીજી શક્તિ પ્રતિજોર કરી રથને ઉંધો પાડતો અટકાવવા મથે છે, અને એ રીતે વજનદાર રથ ધીમે પણ ચોક્કસ પગલે આગળ વધવા પામે છે. એ બે શક્તિઓના સહકાર વગર તો કોઇ રથની સહીસલામત પ્રગતિ સંભવતી જ નથી. એ બન્ને તો પોતાના મથવા દ્વારા જ-પોતાના ભોગે જ—રથનું જીવન શક્ય બનાવે છે. ત્યારે પછી રથને ભય કોને. છે ? થોડાકો કે જેઓને પુરાણા કે નવા અભિપ્રાયો પૈકી એકકેની ગરજ કે ચાહ નથી પણ માત્ર પોતાની સત્તા જમાવવાની જ ચિંતા છે તેવા થોડાઓ લોકોના ભોળપણનો લાભ લઇ પુરાણા કે નવા વિચારોની રક્ષાની આડમાં સ્વાર્થનો શીકાર ખેલતા હોય છે. હરેક સમાજ અને હરેક દેશને ખરો ભય આ દિશાનો જ હોય. ચેતવાનું ત્યાંજ હોય; કારણ કે એ વર્ગ કોઇપણ જાતના સિદ્ધાન્તને માથે ચ્હડાવવા માંગતો હોતો નથી; પણ પોતાના સ્વાર્થનો શિકાર ખેલવામાં સિદ્ધાન્ત માત્રને દારૂગોળા તરીકે વાપરતો હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એવા સત્તાલોલુપીઓ રાજદ્વારી ક્ષેત્રમાં, ધાર્મિક ક્ષેત્રમાં, સમાજ ક્ષેત્રમાં, સર્વત્ર હોય છે. એ એમનો જ પ્રતાપ છે કે જે વડે કંઇ દેશોની સ્વતંત્રતાનાં લીલામ થવા પામ્યાં છે, કંઇ પ્રજાઓ નાશ પામી છે, કંઇ સમાજો છિન્નભિન્ન થઇ ગયા છે, કંઇ ધર્મો સેતાનીયતનાં સ્થાન બનવા પામ્યાં છે. એ પ્રકૃતિના જીવોને ગુમાવવાનું કાંઇ નથી હોતું. 'જીતશું તો સત્તાધીશ બનીશું અને હારીશું તો સમાજ માટે પ્રાણ પાથરનાર (Martyr) ગણાઇશું' એ એકજ એમનો સિદ્ધાન્ત હોય છે. દરેક દેશ અને સમાજે, એટલા માટે પોતાના નેતા કે સ્વયંસેવક થવા મથનારના છૂપા આશય શોધી કાઢવાની કાળજી કરવી જોઇએ. નેતા કે સ્વયંસેવક થવા ઇચ્છનાર ભોગ આપે છે કે ભોગ લે છે એ શોધવા તરફ જ દૃષ્ટિ રાખવી જોઇએ. કસોટીનો બીજો પ્રકાર આ છે કે નેતા કે સ્વયંસેવક સમાજને સંગઠિત અને સશક્ત કરે છે કે વિભકત અને નિર્બલ કરે છે, તે તપાસવું.

આત્મબંધુઓ! આપણને નેતાઓ અને સમાજ સેવકોની–કપ્તાનો તેમજ સીપાઇઓની–બન્નેની જરૂર છે, ઘણી મ્હોટી જરૂર છે. જોખમદારીનો મહાન્ ડુંગર ઉઠાવનાર કપ્તાનો મેળવવા એ તો મ્હોટું સદ્‍ભાગ્ય છે, પણ કપ્તાનની આજ્ઞાને વફાદાર રહી સીપાઇગીરી સાંગોપાંગ ઉઠાવનારા સીપાઇઓ મેળવવા એ ય બહુ મુશ્કેલ થઇ પડયું છે. સીપાઇગીરી એ કાંઇ દાદાગીરી નથી. સીપાઇગીરીના પાયામાં સમાજપ્રેમ, કાનુન અને વ્યવસ્થા તરફ શ્રદ્ધા અને આજ્ઞાપાલનમાં મરી ખુટવાની તાલાવેલી એ તત્ત્વો અવશ્ય જોઇએ.

પોતાને જૈન નેતા કહેવડાવનારાઓમાં ત્હમે સંખ્યાબંધ શ્રીમંતો, સંખ્યાબંધ ફેશનવાયલાઓ, સંખ્યાબંધ લેખકો અને સંખ્યાબંધ સાધુઓનાં નામો સાંભળો છો. બીજી તરફ પોતાને ધર્મરક્ષાના કે સુધારાના સ્વયંસેવકો તરીકે ઓળખાવનારાઓની પણ મ્હોટી સંખ્યા જુઓ છો. આટલી ન્હાની કોમમાં આટલા બધા 'કપ્તાનો' અને 'સીપાઇઓ' હોવા છતાં, આપણી સંખ્યા હરસાલ કુદકે ને ભૂસકે ઘટતી જાય છે, ભાગલા વધતા જાય છે, અંધાધૂંધી અને જોહુકમી વધતી જાય છે, એનો કંઇ અર્થ કોઇ સમજાવશે? ધર્મસંબંધી અને સુધારા સંબંધી ભાષણો આપણે જોરશોરથી કરવાનું શરૂ કર્યું ત્યારથી આજ સુધીમાં ઇટાલી અને જાપાન જેવા કેટલાએ દેશોના દેશો પુનર્જન્મ પામી પ્રકાશવા લાગ્યા છે, જ્યારે આપણે આપણા ધર્મનું તત્ત્વજ્ઞાન હજુ આપણા જ લોકોને પણ સમજાવી શકયા નથી તો પરદેશો અને પરકોમોમાં અને લોકપ્રિય કરવાની બાબતમાં તો કહેવું ય શું? સંસાર સુધારા સંબંધમાં અઠ્ઠાવીસ અઠ્ઠાવીસ વર્ષો થયાં સમસ્ત હિંદના પુરાણપ્રેમી તેમજ સુધારક પક્ષના જોડાણથી જે ઠરાવો ફરી ફરીથી કરતા આવ્યા છીએ તે ઠરાવોનો અમલ કંઇ બની શકયો છે? બાળલગ્ન, વૃદ્ધલગ્ન, અજોડલગ્ન, કન્યાવિક્રય, ફજુલખર્ચ, પોતાના ધર્મસ્થાનોની વ્યવસ્થાનાં અંધેર, આ રોગો આપણે દૂર કરી શકયા છીએ ભલા? આપણું મનુષ્યત્વ કોતરી ખાનારા આ કીડાઓને નાબુદ કરવાના કામમાં કોઇ સરકાર આડી આવતી નથી, કોઇ સંઘ કે ધર્મગુરૂ મના કરતા નથી, ભાઇબંધ કોમોની ઇતરાજી વ્હોરવી પડતી નથી; તે છતાં આટલા લાંબા સમયમાં અને 'કપ્તાનો' તથા 'સીપાઇઓ'ની આવડી મ્હોટી ફોજ છતાં આ પ્રાથમિક અને સરળ કાર્ય પણ બની શકયું નથી; તે છતાં આપણામાંના કેટલાકો આપણા મ્હોટા ભાગને હજુ અપ્રિય એવા વિધવાલગ્નાદિ સુધારા કોન્ફરન્સના ઠરાવ તરીકે કેમ સ્વીકારવામાં આવતા નથી એવા પ્રશ્ન કરે છે, ત્યારે મ્હને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી વ્યવહારકુશળતાની ખામી માટે અફસોસ થયા વગર રહેતો નથી. બધાને મંજુર એવું કામ પણ આપણે કરી ન બતાવીએ અને મ્હોટા ભાગને નામંજુર એવા કામનો આગ્રહ કરવામાં શકિત ખર્ચી નાખીએ તો તેથી સાર્થકતા શું છે ?

સ્હેલા, ન્હાના સર્વમાન્ય સુધારા પાછળ કેપ્ટનો અને સીપાઇઓ યાહોમ કરી ઝંપલાવે અને એક કિલ્લો સર કર્યા પછી જ બીજા કિલ્લાને જીતવાની યોજના કરે ત્યારે જ એ 'સેવાકાર્ય' કહેવાય, ત્યારે જ એ કોન્ફરન્સ અને ઠરાવોની સફળતા કહેવાય, અને ત્યારે જ અંતિમ વિચારના સિપાઇઓ પુરાણપ્રેમી જનતાનો ચાહ, વિશ્વાસ અને આભારની લાગણી ખેંચી શકે કે જે બળથી પછી તેઓ એક પછી એક કઠીન સુધારાનો પણ સ્વીકાર કરાવી શકે. લગ્નને લગતા અંતિમ સુધારા કોન્ફરન્સ જેવી પ્રતિનિધિ સંસ્થામાં ઉપસ્થિત કરવા પહેલા વિદ્યમાન વિધવાઓની સ્થિતિ સુધારવાનાં તથા વિધવા થવાના માર્ગો બંધ કરવાનાં કામો વગર વિલંબે હાથ ધરવાં જોઇએ. નર્સીંગ અથવા બીમારની યથાયોગ્ય માવજત, શાસ્ત્રીય પદ્ધતિથી બાળ ઉછેર, સ્ત્રી વર્ગને જરૂરી શિક્ષણ આપવાનું કામ, ગામોગામ ફરી સ્ત્રી વર્ગમાં સ્વમાન અને સંસ્કાર પ્રેરવાનું કામ. આ કામો કરતાં વધુ પવિત્ર અને વધુ ઉપયોગી કાર્ય હું શોધી શકતો નથી. વિદ્યમાન વિધવાઓને આ કામ માટે તૈયાર કરવાનું સુવ્યવસ્થિત ખાતું ખોલવામાં શા માટે વિલંબ થવો જોઇએ ? જે અકુદરતી કારણોથી એટલે કે આપણી મૂર્ખાઇના કારણથી હજારો સ્ત્રીઓને વિધવાસ્થિતિ પ્રાપ્ત થાય છે તેવાં કારણોને –બાળલગ્ન, વૃદ્ધ લગ્ન ઇત્યાદિને આપણા દરેકના ઘરમાંથી સર્વથા બહિષ્કાર કરીને અને આપણા લાગતા વળગતાઓપર આપણું નૈતિક દબાણ ચલાવીને શા માટે આપણે આ પ્રાથમિક સુધારો એક જ વર્ષમાં ન કરી શકીએ ? અને જો આટલું કરવાનાની આપણી ઇચ્છાશકિત ન હોય તો ન્હાના કે મ્હોટા કોઇ જાતના 'ઠરાવો' બીજાઓ પાસે મંજુર કરાવવાનો આગ્રહ પણ શા માટે કરવો ?

લગ્નની જોખમદારીનું અને વીર્યની કિંમતનું ભાન આપણી પ્રજાને બહુ જ ઓછું છે.–લગભગ નથી જ. વીર્યહીન અને પરતંત્ર બની જવા છતાં ય આપણી દરેક વ્યકિત માત્ર કામવાસના તૃપ્ત કરવા ખાતર પોતાના અશકત પંડપર કુટુંબબોજો ઉત્પન્ન કરે છે અને ત્હેના પોષણ, રક્ષણ અને સંસ્કરણ માટે લાચાર બને છે. પછી આપણે નિરાધારની દયા ખાવાના ભાષણો ગજાવી ફંડો કરવા માંડીએ છીએ. આ બધું શું અકુદરતી થતું નથી ? અકુદરતી રીતે શું બીમારીઓ મટાડી શકાશે ? આપણા વેપારોની દશા જુઓ, આપણી હિમતની કિંમત કરો, અને પછી કહો કે બે વાર તો શું પણ એક વાર પણ લગ્ન કરવામાં ઘણીખરી વ્યકિતઓ 'ગુન્હો કરતી નથી ? યુવકો કે કન્યાઓની, વિધુરો કે વિધવાઓની દયા જાણવી એક વાત છે અને એમને એકવાર કે ફરીફરીને પરણવાનું સહેલું કરી આપવું એ બીજી વાત છે. જીવનને લગતા બધા પ્રશ્નોનો તોડ એકમાત્ર 'દયા' ની દલીલથી કહાડવામાં આપણે થાપ જ ખાઇશું.

હું 'સુધારા' શબ્દથી ડરવાના ના કહું છું. આજનું આવતીકાલમાં પરિવર્તન એજ સુધારો છે. આજના સુધારકો આવતી કાલે પુરાણપ્રેમી મનાશે. એમ ન બને તો દુનિયા ચાલે જ નહિ. પડતર જળ સડે છે, એ તો પુરાણપ્રેમીઓ પણ કયાં નથી જાણતા ' અને શું સુધારકોને એ સ્મરણ કરાવવાની જરૂર છે કે એકલા દોડનારની ઝડપ કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજાઓને ઉપાડીને દોડનારની ઝડપ સ્વાભાવિક રીતે જ ઓછી હોય ? ધીમા ગોકળગાય અને ઝડપથી સસલા વચ્ચે દોડાયલી શરતમાં ગોકળગાય જીતી હતી. આપણે ઉગ્ર વેગથી અને તે સાથે જ નિયમિત રીતે દોડતા અશ્વો ન બની શકીએ તો કમમાં કમ ધીમી પણ મક્કમ ચાલતી ગોકળગાય તો બનવું જ જોઇશે; તરંગી ઠેકડા મારનાર સસલા બનવાથી સમાજનું કે આપણા પોતાનું કોઇનું હિત નહિ સધાય.

સમાજ શું છે ? પોતાની રક્ષા અને પ્રગતિની ગરજથી પોતા જેવી ગરજ વાળા બીજાઓને એકઠા મેળવી કરાયલું સંગઠન. એનું સૂત્ર હોય એક બીજા માટે લાગણી અને એક બીજાને સહાય. જે સમાજ 'જીવતો' હશે તેમાં 'હુંફ' અને 'સહાય'નાં તત્વો હશેજ. જે સમાજમાં તે તત્ત્વોની ગેરહાજરી હશે અને માત્ર શીકાર ખેલવાની જ વૃત્તિ રાજ કરતી હશે તે સમાજમાં કોઇ સાચો પુરાણપ્રેમી કે સાચો સુધારક રહી શકશે જ નહિ. એવા સમાજમાં જેઓ પોતાને પુરાણપ્રેમી તરીકે ઓળખાવતા હશે તેઓ મુડદાં હશે અને જેઓ પોતાને સુધારક તરીકે ઓળખાવતા હશે તેઓ બગભકતો હશે. આટલું જેઓ બરાબર રહમજી શકશે તેઓ તો સમાજમાં હુંફ અને સહાયનાં તત્વો આમેજ કરવાનું કદાપિ ચૂકશે નહિ. તેઓ વગરવિલંબે સમસ્ત જૈનો વચ્ચે લગ્નવ્યવહારમાં અંતરાયરૂપ પ્રાંતભેદ અને જાતિભેદને તિલાંજલિ આપશે. લોકોને જીવવામાં અકુદરતી આડખીલ કરનાર રીવાજોને નાબુદ કરશે, ખરી દાનતથી મહેનત કરી ઉદરનિર્વાહ કરવાના પ્રયત્ન છતાં અસહ્ય લાચારીમાં આવી પડતા જાતિભાઇને ગુપ્ત રીતે ટેકો કરીને પગભર કરવામાં પોતાનું જ ગૌરવ અને પોતાનો જ આનંદ માનશે, કેળવણીનો પ્રચાર સ્ત્રીપુરૂષ બન્ને વર્ગમાં અને દરેક પ્રાંતમાં ઉગ્ર વેગથી કરવાની યોજના અને સાધન ઉભાં કરશે, અને વિધવા વર્ગમાંથી નર્સો, સ્ત્રીશિક્ષકો, સ્ત્રી-ડાકરો અને ઉપદેશિકાઓ ઉત્પન્ન કરનારૂં સુવ્યવસ્થિત ખાતું ખોલવાની પેરવી કરશે. આ કામોમાં કોઈ પ્રમાણિક જૈનનો વિરોધ ન હોય. શું આપણે બધા આટલુંય કરવા તત્પર છીએ ? શું આજે જ એ કામ કરવાના સોગન લેવા આપણે તૈયાર છીએ ' અને કરવું જ ન હોય તો કમમાં કમ ખોટા દેખાવો પાછળ લોકોના પઇસા અને સમયનો ભોગ લેવાનું છોડવા જેટલી 'પ્રમાણિકતા' માટે પણ આપણે તૈયાર છીએ કે ? સાધુ હો વા સુધારક હો. એમની મોરલીપર નાચનારાઓ માત્ર પોતાના પગને થકવે છે અને સાર્થકતા કંઇ જ પામતા નથી. તે કરતાં તો લોકોને પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાનું ફોડી લેવાને સ્વતંત્ર રહેવા દેવામાં આવે એજ વધુ પ્રમાણિક છે. પોતાના પગે ચાલતાં પડતાં આથડતાં, વહેલા મોડા પણ તેઓ પોતાનો માર્ગ કાપી શકશે.

વીરપુત્રો ! હું ત્હમારી પાસે હજાર મુદ્દાનો નિબંધ વાંચવા ખુશી નથી. હું ફકત બદલાયા દેશકાળને-નવીન વાતાવરણને સ્પર્શવા માંગું છું. આજના 'બળતા પ્રશ્નો'થી ભડકીને દૂર ભાગવા કરતાં, એમને ટાળવા કરતાં, એમની ઉપેક્ષા કરવા કરતાં, એમની હયાતી અને એમનું અગત્ય સ્વીકારી મ્હારા વકતવ્યમાં એમને પ્રધાનપદ આપવામાં જ પ્રમાણિકતા માનું છું. કુદરતના નિયમો અનુસાર ઉપચાર કરનાર કોઇ તબીબને પૂછો કે કોઇ બીમાર પોતાના શરીરપર નીકળેલ ગડગુંબડ નાબુદ કરનારી દવા માંગશે તો તે શું કહેશે ? તે કહેશેઃ ભાઇ ! ગડગુંબડ તો ત્હમારા લોહીમાં થયેલા વિકારની જાહેર ખબર છે. એ ગુમડાને મલમપટ્ટીથી નાબુદ કરવાથી કાંઇ લોહીનો વિકાર દૂર થવાનો નથી. એ ગુમડાં ન ફુટી નીકળ્યાં હોત તો અંદર કાંઇ બગડયું છે તે વાત જ જાણવામાં ન આવી શકી હોત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદરનો બિગાડો દૂર કરવામાં આવશે એટલે એની જાહેરાત રૂપ ગડગુંબડની શરીરને જરૂર જ ન રહેવાથી તે આપોઆપ અદશ્ય થશે. દીક્ષાનો ઝગડો એવી જાહેર ખબર માત્ર છે. અને જાહેરખબર કુદરતની જરૂરીયાત છે. એ ઝગડો દાબી દેવો શક્ય હોય તો પણ ઇષ્ટ નથી. તાવને મટાડવા અપાતું ક્વીનાઇન શરીરમાં ઉલટી બીજી વિકૃતિ કરાવે. ટાઇફોઇડ જેવા ભયંકર તાવમાં કંઇ જ ઔષધ ન અપાય એવો નિશ્ચય હવે વૈદ્યક શાસ્ત્ર પોતે જાહેર કરવા લાગ્યું છે ! ઉગ્ર રૂપે ફાટી નીકળેલો દીક્ષાનો ઝગડો જાહેર ખબર કરે છે કે લાંબા વખતથી સમાજશરીરમાં વિકાર થવા લાગ્યો હતો પણ તેને થાગડથીગડથી ઢાંકી રાખવાની ભૂલ સેવવામાં આવવાથી તે રોગ હવે વધી પડ્યો છે અને બહાર ઉભરાઇ આવ્યો છે. માત્ર આપણા જ ધર્મના નહિ પણ દુનિયાભરના તમામ ધર્મોના ધર્મગુરૂઓની બાબતમાં કેટલીક ગંભીર ફર્યાદો ચોક્કસપણે નજરે જોવામાં આવે છે અને તે પર ઢાંકપીછેડો કરવા ઉપરાંત કેટલાક સ્વાર્થીઓ ઉલટો બચાવ કરતા રહ્યા છે. પરિણામે એ ક્ષેત્રમાં વિકાર જામતો જાય તો એમાં તાજુબ થવા જેવું શું છે ? આખી દુનિયાની દયા ખાવા નીકળેલા, સર્વ જીવોને વીતરાગ માર્ગના રસીઆ બનાવવાનું મિશન લઇ બેઠેલા, ક્રોધ–માન–માયાનો જગત્માંથી બહિષ્કાર કરવાનો સતત્ ઉપદેશ કરનારા, અને માલીકી તથા મમત્વ ભાવનાના ત્યાગરૂપ દીક્ષા પામેલા સાધુવર્ગમાં પોતામાં એક બીજા પ્રત્યે કલેશ કે નિંદા જોઇ શકતા હોઇએ તો ગૃહસ્થવર્ગમાં પક્ષાપક્ષી, ગાળાગાળી અને મારામારી જોઇને આશ્ચર્ય કોણ પામશે ? પાલીતાણાનું સંકટ આવી પડયું ત્યારે પણ સાધુવર્ગ પોતાનું સમ્મેલન ન કરી શક્યો એ શું આપણે નથી જોયું ? આજે ચોતરફ જાહેર પ્રજામાં આપણી કોમની અને ધર્મની હાંસી થાય છે તે છતાં એ હાંસી કરાવનાર કારણનો વિચાર કરવા પુરતીય સાધુ પરિષદ્ ભરવાનું તેઓથી બન્યું નથી. ગૃહસ્થવર્ગની કોન્ફરન્સને સાધુ વર્ગની કોઇ બાબતનો ઠરાવ કરવાનો હક્ક નથી એમ કહીને જ સંતોષ ન પકડતાં તેઓ પોતાનું સમ્મેલન કરવાના ય અખાડા કરવાનો આગ્રહ કરે તો એનો અર્થ તો એજ થવા પામે કે સ્વચ્છંદનો જ નિશ્ચય છે. સાધુવર્ગમાં કંઇ રત્નો મોજુદ છે અને જો બધા સંઘાડાના સાધુવર્ગોનું સમ્મેલન થાય તો શાસ્ત્રો, સમાચારીઓ અને પોતાની વિવેકબુદ્ધિ ત્રણેની મદદથી તેઓ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનાના ઉપયોગપૂર્વક નિયમો કર્યા વગર ન જ રહી શકે. એવું નહિ થાય તો, જેમ એક પક્ષને પોતાની મરજી મુજબ વર્ત્તવાની છુટ છે, તેમ બીજો પણ પોતાની મરજી મુજબ વર્ત્યા જ કરશે એને અટકાવી કોણ શકશે ? વસ્તુસ્થિતિ જ્યારે અસહ્ય બનશે ત્યારે કાં તો આ કોન્ફરન્સને હસ્તક્ષેપની ફરજ પડશે, કાં તો યુવાન વર્ગ નિરંકુશ બનશે. કાં તો આત્માર્થી સાધુઓ અને એવા શ્રાવકો સમાજથી અલગ થવાનું પસંદ કરશે. ત્રાસની અવધિ થાય ત્યારે રાજ્યક્રાન્તિ થાય છે, એ વાત રખે કોઇ ભૂલે. જોહુકમીની માત્રા વધી પડે ત્યારે નબળી પ્રજા પણ સંગઠ્ઠન શીખે એ પણ કોઇ રખે ભૂલે. લોકોમાં ધર્મપ્રેમ જગાડી શાન્તિ, પ્રગતિ અને સંગઠ્ઠન રચવાને બદલે ધર્મ ઝનુનના હથીઆર વડે સમાજનું સત્યાનાશ કરનારા જે કોઇ હોય તે બધાઓ દેશ-રિપુ ગણાશે અને હિંદના પુનરૂત્થાન કાળમાં એમની શી દશા થશે એ કહેવા કોઇ ભવિષ્યવેત્તાની જરૂર ભાગ્યે જ પડે. જરા સબુર કરો, લોકોને અસહ્ય સ્થિતિમાં આવવા દો, પોતા સિવાય કોઇ પોતાને બચાવી શકતું નથી એવું ભાન ઉગવા દો, પછી ' પરગજુ ' ઓની સ્થિતિ જોજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીક્ષાનો પ્રશ્ન શું ખરેખર મહાન્ વિકટ છે કે જેથી એને માટે આટઆટલી લાંબી દલીલોની બંને પક્ષને જરૂર પડે ? અજ્ઞાન જનતાની અક્કલને ચક્કરમાં નાખવાની દાનત ન હોય તો, આ પ્રશ્નને અંગે ઝઘડો જાગવા જેવું કાંઇ છે જ નહિ. સમાજે ધ્યાનમાં રાખવું જોઇએ કે કોઇ ઝઘડા જ થવા ન પામે અને સાધુ કે શ્રાવક કોઇ આપખુદ થવા જ ન પામે એવી કાળજી શાસ્ત્રકારોમાં અવશ્ય હતી, કારણ કે તેઓ મનુષ્ય પ્રકૃતિ બરાબર જાણતા હતા. એમણે જ ફરમાવ્યું હતું કે સાધુમાત્રે નિરંતર ભ્રમણ કરવું અને કોઇ સ્થળ કે વ્યક્તિ સાથે 'સંબંધ' જોડવો નહિ. એમણે જ ફરમાવ્યું હતું કે, સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા ચારે શ્રી 'સંઘ' નાં અંગ માત્ર ગણાશે અને ચારેને 'સંઘ' ની આજ્ઞામાં રહેવું જોઇશે. એમણે જ વળી ફરમાવ્યું હતું કે, પૈસો, પાંડિત્ય અને પદ્ધિ કરતાં પવિત્રતાનું સ્થાન ઉંચું ગણાશે. લોકો આટલું જ બરાબર શિખે અને એ શાસ્ત્રફરમાનોનો અમલ કરવા–કરાવવા કટિબદ્ધ થાય તો દીક્ષાપ્રશ્ન અને બીજા બારસો પ્રશ્ન આપોઆપ શાન્ત થઇ જાય અને કોન્ફરન્સને પોતાની શકિતઓનો ઉપયોગ સૃજનાત્મક કાર્યમાં જ કરવાની સરળતા થાય.

એક વાત સઘળાએ યાદ રાખવાની જરૂર છે. રાજકાજ અને વ્યાપાર પ્રવૃત્તિથી ધર્મવૃત્તિ જૂદી ચીજ છે. ધર્મપ્રવૃત્તિમાં છુપા આશયો, પેચ, કાનુની જાળ, શરમાશરમી મુદ્દલ ન જોઇએ. જીવનનાં અન્ય ક્ષેત્રોમાં ધર્મપ્રવાહ વહેવડાવીને ત્યાંની અપવિત્રતા ધોઇ નાખવાની અને ક્ષેત્રોને ઉન્નત બનાવવાની ફરજ જે ધર્મને માથે છે તે ધર્મને નામે તે જ ધર્મના ક્ષેત્રમાં વક્રતાની બરદાસ ન જ થઇ શકે, જૈનો અને અન્ય ધર્મીઓ જયારે આ વાતની કાળજી કરતાં થશે ત્યારે ધર્મનો વિજયધ્વજ સઘળાં ક્ષેત્ર ફરકશે અને માનવજાતિનું જીવન દૈવી બનવા લાગશે.

**ધર્મસાહિત્ય—**

ધર્મ એ મનુષ્યજીવનને ઉન્નત બનાવનાર કલા છે અને તેથી ધર્મના સિદ્ધાન્તોને જીવન સાથે લાગુ પાડીને નવું સાહિત્ય રચવાની અને ત્હેનો બહોળો પ્રચાર થવાની જરૂર પર જેટલો ભાર મૂકાય તેટલો ઓછો છે. આ કામ માથે લેનાર વિદ્વાનોમાં તત્વજ્ઞાન, સાયન્સ, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર એ સર્વનું જ્ઞાન હોવું જરૂરી છે. બાળકો, યુવાનો અને વૃદ્ધો માટે ચ્હડતા ઉતરતા ક્રમનાં પુસ્તકો રચાવાં જોઇએ. આવું કાંઇ થવા પામે તો સમાજમાં 'ઝનુન' ને સ્થાને 'પ્રેમ' અને અંધશ્રદ્ધાને સ્થાને દેખતી 'શ્રદ્ધા'–જીવતી શ્રદ્ધા ઉત્પન્ન થાય અને પ્રગતિનું કાર્ય સરળ બને. જૈન પત્રકારિત્વને અંગે તો ઘણું કહેવા જેવું છે, પણ ટુંકમાં એટલું જ કહીશ કે સમર્થ વિચારક અને મહાન્ શ્રીમંતના જોડાણ સિવાય એવા એવા જૈન પત્રનો સંભવ જ નથી કે જે પત્ર સમાજનું માનસ પીછાનીને અને પ્રગતિના પંથના સ્ટેશનો વિચારીને ખરા ધ્યેય પર સમાજને પહોંચાડવાનું કામ બજાવી શકે. સમાજે ગંદા, સંકુચિત દૃષ્ટિવાળાં, ઉશ્કેરણીભર્યાં પુસ્તકો અને લેખોનો અનાદર કરતાં શિખવું જોઇએ છે.

**કાનુની પ્રશ્નો—**

મહાશયો ! દરેક સમાજ અને સરકાર પોતાની રક્ષા અને વિકાસ માટે કાનુનો રચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને ચુસ્તપણે ત્હેનું પાલન કરે–કરાવે છે. કાનુન અથવા નિયમ વગરનો સમાજ કે સરકાર આંતરિક ગેરવ્યવસ્થા અને બહારથી થતા આક્રમણોનો ભોગ બની નાશ પામે. કાનુન વડે પોતાના સમાજ કે સરકારનું શરીર જેમ જેમ ખીલવટ પામે તેમ તેમ ત્હેના કાનુન પણ વધારે ઉદાર બનતા જાય.

આપણી આ કોન્ફરન્સને પણ ચોક્કસ બંધારણ અને ચોક્કસ કાનુન છે. હમણાં હમણાં કેટલીક દિશામાંથી અવાજ આવવા લાગ્યો છે કે એ બંધારણ ખામીવાળું છે અને કાનુનો સુધારો માંગે છે. હું કહીશ કે સુધારો ન માંગે તે તો એક માત્ર 'નિશ્ચય.' બાકી 'વ્યવહાર' માં તો સતત્ સુધારા થવા જ જોઇએ. પણ આપ જે સુધારા કરો તે સમાજની આજની તાત્કાલિક જરૂરીઆતો, આપણી તથા દેશની પરિસ્થિતિઓ તથા આપણું અંતિમ ધ્યેય: એ સર્વને ધ્યાનમાં લઇને કરજો; શ્રાવકોની રક્ષા અને ઉન્નતિનો કોઇ સવાલ એવો નહિ હોય કે જે સાધુ વર્ગ, અન્ય કોમો, દેશ અને સરકાર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ ધરાવતો ન હોય, એ વાત ધ્યાનમાં રાખીને કોન્ફરન્સનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરશો તો વાજબી જ કર્યું ગણાશે.

હમણાં હમણાં પ્રજાકીય લડતમાં કોમી તત્ત્વનો પ્રવેશ થવા લાગ્યો છે, એ ખરેખર અફસોસજનક છે. એક જૈન તરીકે હું તો એમજ કહું કે હું પ્રારંભમાં, મધ્યમાં તેમજ અંતે 'જૈન' છું, અને જૈન છું માટે વ્યક્તિ કરતાં કોમી હિતને પ્રાધાન્ય આપવાની દૃષ્ટિએ જ દરેક નિર્ણય કરૂં. ન્હાની કોમોના હિતની દરકારનો દેખાવ કરીને હમણાં હમણાં કેટલાક રાજદ્વારીઓ :સમસ્ત પ્રજાના પ્રોગ્રામને ચુંથી નાખવાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે એમાં કોઇએ ફસાવું જોઇતું નથી. આપણે સરકારને તેમજ દેશને જાહેર કરીશું કે અમારી કોન્ફરન્સની મોહોરવાળા શબ્દને જ કોમના અવાજ તરીકે માનવો.

સ્વધર્મી બન્ધુઓ ! આપણી કોન્ફરન્સ એ અખીલ હિંદના શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈનોની પ્રતિનિધિ સંસ્થા છે. આ વર્ગને લાગેવળગે એવી કોઇપણ બાબતની અરજ કે સૂચના કે ભલામણ સરકાર પ્રત્યે કે પ્રજાકીય મહાસભા પ્રત્યે કરવાની જરૂર પડે કે કાંઇ જવાબ આપવાની જરૂર પડે ત્યારે તેમ કરવાનો હક્ક ફક્ત આ પ્રતિનિધિસંસ્થાને જ હોઇ શકે. અને જ્યારે સમસ્ત જૈન કોમને લાગેવળગે એવું પગલું ભરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે આપણી કોન્ફરન્સ ઓફિસે બીજા જૈન ફીરકાઓની કોન્ફરન્સ ઓફિસો સાથે સહકારપૂર્વક ઉચિત કરવું જોઇએ.

**સખાવતો—**

પારસી કોમની માફક આપણી કોમ પણ સખાવતો માટે મશહૂર છે પણ સખાવતોની વ્યવસ્થામાં તે કોમ કરતાં આપણી કોમ ઉતરતી છે. અને તે છતાં પારસી કોમના દૂરંદેશ નેતાઓ એમની વ્યવસ્થાને પણ ઘણી જ ખામીવાળી કહી પોકાર ઉઠાવે છે, જ્યારે આપણે વધુ ખામીવાળી આપણી વ્યવસ્થા સ્હામે અક્ષર વટીક કોઇ બોલી ન શકે એમ ઇચ્છીએ છીએ. આથી લાખો રૂપિયાનો દુર્વ્યય થવા પામે અને છતે નાણે ઉપયોગી કામો રખડી પડે એ સ્વાભાવિક છે. હું તો એમજ ઇચ્છું છું કે સઘળી સખાવતો અને ધર્માદાઓ એક જ વગવાળી સુવ્યવસ્થિત કમીટીને રાજીખુશીથી સોંપવામાં આવે અને વધુમાં વધુ કાર્યસાધક રીતે ત્હેનો ઉપયોગ થાય એવી યોજના કરવામાં આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવિધ મંદિરો પાસે ફાજલ રહેતી મ્હોટી રકમો અને ઘી નિમિત્તે થતી ચાલુ આવકના ઉપયોગ સંબંધમાં કેટલાક વિવેકને સ્થાન છે. એક મંદિરની ફાજલ રકમ બીજા મંદિરોની મરામતમાં ખર્ચવાની આનાકાની કરવામાં આપણે મૂળનીતિનો ભંગ કરી બેસીએ. વળી પ્રત્યેક ગામના સંઘે, જો દેવદ્રવ્ય જરૂર પુરતું હોય તો, હવે પછીથી થતી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો ઠરાવ કરવો વાજબી જ ગણાશે. એથી એ ભાગનાં નાણુંમાંથી સંઘની ઉન્નતિનું ઘણું કામ બની શકશે.

આપણી સુપ્રસિદ્ધ આણંદજી કલ્યાણજીની પેઢીના સંબંધમાં પણ વિચાર કરવો અસ્થાને નહિં ગણાય. આ પેઢી હસ્તક કેટલાંક તીર્થો અને બીજાં ખાતાંઓ છે. સઘળાં જૈન તીર્થો આ એકજ સંસ્થાની દેખરેખ તળે મૂકાય અને બાકી સઘળાં ખાતાં કોન્ફરન્સની દેખરેખ તળે મૂકાય એ વ્યવહારૂ થઇ પડશે. આ સંસ્થાઓનો મરતબો વધે અને લોકોનો સંપૂર્ણ વિશ્વાસ તે તરફ ખેંચાય એટલા માટે એ જરૂરનું છે કે તેમણે હિસાબ અને કામકાજનો રિપોર્ટ હરસાલ જાહેરમાં મૂકવો. વહીવટદાર પ્રતિનિધિઓમાં વિવિધ પ્રાન્તોના સુપ્રતિષ્ઠિત નેતાઓને ભેળવવા અને બંધારણ તથા વ્યવસ્થાપદ્ધતિનું અવારનવાર સંશોધન કરતા રહેવું. તીર્થોને લગતા અન્ય સંપ્રદાયો સાથે થતા મતભેદોનો સુલેહભરી રીતે ઘરમેળે અંત લાવવાને ઉત્સુક રહેવું. પગારદાર કારભારીઓ, બની શકે ત્યાંસુધી. સ્વધર્મીઓમાંથી જ મેળવવા પ્રયત્ન કરવો.

અને એવી જ રીતે પ્રત્યેક ગામનાં મંદિરો અને સંસ્થાઓને સુવ્યવસ્થિત ધોરણપર મુકવાની જરૂર છે. આપણે જો આપણાં જ ખાતાંઓ અને પૈસાનો સારામાં સારી રીતે વહીવટ ન કરી શકીએ તો સ્વરાજ્યની આપણી યોગ્યતાની કિંમત કરાવી બેસીએ.

સઘળાં મ્હોટાં ખાતાંઓમાં કામની વહેંચણી હોવી જોઇએ. કેટલાકો પોતાની પ્રતિષ્ઠા અને લાગવગથી નાણાં મેળવી આપવાનું કામ બજાવે. નાણાં જાળવવાનું અને હિસાબ રાખવાનું કેટલાકોને સોંપાય, કેટલાકોને શિર સંસ્થાના ઉદ્દેશો મુજબનાં કામો કરવાનું મુકવામાં આવે, કેટલાકો તપાસ અને સલાહ માટે નીમવામાં આવે. આમ લાગવગ, ધન, બુદ્ધિ, અનુભવ, અંગત સેવા ઇત્યાદિ તત્વોનો સંયોગ થવાથી ઘણું કામ અને સુવ્યવસ્થિત કામ નીપજાવી શકાય, એટલું નહિ પણ ખરી ખોટી શંકા લઇ જવાનું કોઇને માટે શકય ન રહે.

**આર્થિક બિમારી:—**

એક વખત હિંદ સમૃદ્ધ દેશ હતો. એનો વ્યાપાર જગવિખ્યાત હતો. એ વખતે લગભગ તમામ ચીજો આ દેશમાં જ બનતી અને નિર્વાહ ખર્ચ આજથી ઘણો જ ઓછો હતો. આપણે જૈનો વ્યાપારના રાજા હતા. આ સર્વ પરિસ્થિતિઓમાં આપણા દીલ સ્વાભાવિક રીતે જ ભરપૂર અને ઉદાર હતાં. આજે એ બધા સંયોગો પલટાઇ ગયા છે. વ્યાપાર આપણા હાથમાંથી મ્હોટે ભાગે સરી ગયો છે. સમસ્ત દેશના વ્યાપારીઓ ચિંતાતુર દિવસો પસાર કરે છે. સરકારે એક રૂપિઆના એક શીલિંગ છ પેન્સનો હુંડીઆમણનો ભાવ રાખ્યો તેથી વ્યાપારીમાત્ર ખળભળી ઉઠ્યો છે. આપણા સરાફી ધંધાને પણ આજની સરકારી નીતિ ભયંકર થઇ પડી છે. આ બન્ને બાબતમાં સમસ્ત વ્યાપારી વર્ગ સાથે આપણો પણ અવાજ સામેલ છે. સરકારે જાહેર પ્રજાના અવાજને માન આપી રાહત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપવી જ જોઇએ, આપણે માટે એ ગર્વનો વિષય છે કે આપણાંમાના એક વડી ધારા-સભામાં ' હાજી કોસ્ટલ બીલ ' રજુ કરી આખા દેશના આર્થિક લાભની લડત ઉપાડી છે. આ જાહેર જુસ્સો પ્રશંસનીય છે. આપણો સમાજ તે બીલને સમ્પૂર્ણ અનુમોદન આપે છે અને ઇચ્છે છે કે એ લડતને સમ્પૂર્ણ જય મળે.

સર્વત્ર લાગુ પડેલી આર્થિક બિમારી દૂર કરવા સઘળા લોકોએ મળીને ભગીરથ પ્રયત્ન કરવો જોઇએ છે. સ્વદેશી માલ વાપરવા તરફ લોકોએ વધુ લક્ષ રાખવું જોઇએ છે. વેપાર પદ્ધતિમાં આજના જમાનાને બરના ફેરફાર કરવા જોઇએ છે. દરેક બજારનાં એસોસીએશન કરી પડતાના હાથ પકડવાની યોજના કરવી જોઇએ છે.

વેપારીઓને માટે એ પણ ઉચિત છે કે તેઓ પોતપોતાની કોમના લાયક પુરૂષોને પોતાના ધંધામાં એક યા બીજા રૂપમાં જોડવા તરફ લક્ષ આપે. વેપારી તેમજ નોકરી-આત હરકોઇ પોતાની આવકનો અમુક હિસ્સો બેકારીના ભોગ થઇ પડેલા દેશબંધુઓને પગભર કરવામાં ખર્ચતા રહે એ પણ જરૂરનું છે.

જાહેર પ્રજા સાથે સહકાર:—

મહાશયો ! કોઇપણ દેશની કોઇપણ એક કોમ પોતાની રક્ષા કે પ્રગતિ છેક જ સ્વતંત્ર રીતે કદાપિ નહિ કરી શકે. સમાજસુધારણા, કેળવણી, વ્યાપાર, રાજકીય હિતો, તાલીમ અને કલા, આરોગ્ય સંરક્ષણ આ સર્વ બાબતમાં અન્યાન્ય જૈન ફીરકાઓ સાથે જ નહિ પણ સમસ્ત પ્રજા સાથે મળીને જ કામ કરવું જોઇશે. આવો સહકાર સાધવા માટે એક બીજાની ખાસીઅતો, વિચારો, સિદ્ધાન્તો અને ઇતિહાસ જાણવાની અને એક બીજા તરફ સહિષ્ણુતા ધરાવતા થવાની જરૂર છે. આરોગ્ય અને તાકાત વધારવા માટે તો આવા સહકારની ખાસ જરૂર છે. કહેવાની ભાગ્યેજ જરૂર હોય કે આરોગ્ય અને તાકાદની બાબતમાં આપણી કોમ આજે બધાથી ઉતરતી છે. આપણા ધર્મમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વ્યક્તિ તરીકે તીર્થંકરને માન્યા છે, કે જેમનું શરીરબળ દેવોના દેવ ઇંદ્રને પણ લાચાર બનાવી શકે. આપણા ધર્મનો ઉદય કાળ તે અરસામાં હતો કે જ્યારે રાજાઓ અને યોદ્ધાઓ આ ધર્મને સેવતા હતા એ તો ખુલ્લી વાત છે કે દયા શૂરવીરોમાંજ સંભવે. ' કમજોર ગુસ્સા બહુત ' અને ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ' એ કહેવતો તો જગજાહેર છે. સાંકડું મન, છૂપા દાવપેચ, નિંદા, ઇર્ષા આદિ રોગો નબળા મનુષ્યના હૃદયમાં રહેલાઇથી ઉગી નીકળે છે. એક પૂરો મનુષ્ય ચારે વર્ણનો પ્રતિનિધિ હોવો જોઇએ. તે ' બ્રાહ્મણ ' અથવા નિર્મળ અને પ્રકાશિત બુદ્ધિવાળો હોવો જોઇએ, ' ક્ષત્રિય ' એટલે રક્ષાના બળવાળો હોવો જોઇએ. ' વૈશ્ય ' અર્થાત્ વ્યાપારી કુનેહ-વ્યવહાર-વાળો હોવો જોઇએ અને તે સાથે જ ' શૂદ્ર ' એટલે સેવાબુદ્ધિથી જ જીવનારો હોવો જોઇએ. ચારે યોગ્યતા જે પ્રજામાં ખીલવાય તે પ્રજા સ્વતંત્ર બન્યા સિવાય રહેતી જ નથી. જૈન ધર્મે વ્રત, તપ, નિયમ આદિ જે જે ફરમાવ્યું છે તે સર્વના આશય મનુષ્યની સર્વ શક્તિઓને ખીલવવાનો જ છે. નહિ કે મારી નાખવાનો. આમ હોઇ હું ઇચ્છું છું કે સમસ્ત જૈન કોમ આરોગ્ય અને બળ માટે જરૂરના સઘળા ઇલાજો વગર વિલંબે શોધે અને અમલમાં મૂકે, અંગબળની તાલીમની વ્યવસ્થા કરે, કુસ્તી અને લાઠીની હરીફાઇઓ યોજે, આરોગ્યને લગતું જ્ઞાન ફેલાવવા ભાષણો, ' સીનેમા શો ', પ્રદર્શનો આદિ યોજનાઓ કરે. ખુશી થવા જેવું છે કે મુંબઇની જૈન સેની-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટરી એસોસીએશને આ રસ્તે સારી પહેલ કરી છે. એને સહાય આપી એના કાર્યક્ષેત્રને વિસ્તારવાની સગવડ કરી આપવી એ આપણું કર્તવ્ય છે.

જાહેર પ્રજા સાથેના સહકાર પર બોલતાં મ્હને ' શારદા બીલ ' યાદ આવ્યા સિવાય રહેતું નથી. દેશમાંથી બાળલગ્નનો બહિષ્કાર કરનારૂં એ બીલ છે કે જે સરકારી કાનુન રૂપે અમલમાં આવે તો જૂદી જૂદી કોમોના ધર્મગુરૂઓ અને સુધારકો અને યુવક મંડળો જે અતિ અગત્યનું કાર્ય નથી કરી શકયા તે કાર્ય જલદી સફલ થાય. શારીરિક, માનસિક અને ચારિત્રવિષયક નિર્બળતાના પાયારૂપ બાળલગ્નની બીમારી જૈન, હિંદુ તથા મુસલમાન ત્રણે કોમમાં લાંબાકાળથી ઘર કરી રહી છે. તે છતાં કેટલાક સ્વાર્થીઓ આ હિતકારીબીલનો પણ વિરોધ કરી દેશદ્રોહ કરી રહ્યા છે. આપણે જૈનો એકમતે એ બીલને વધાવીએ છીએ અને ઇચ્છીએ છીએ કે ધર્મના નામનો દુરૂપયોગ કરવા દ્વારા જે વિરોધ ખડો કરવામાં આવે છે તે નિષ્ફળ જાય. વસ્તુઃ આવો કાનુન પચાસ વર્ષ પહેલાં સરકારે પોતે કરવો જોઇતો હતો. આપણે ઇચ્છીશું કે તમામ દેશી રજવાડા વગર વિલંબે આ ધારો પસાર કરે.

## નેતાઓનો દુઃખદ વિયોગઃ—

ગૃહસ્થો ! આપણે છેલ્લા મળ્યા ત્યારપછી આપણી કોમપર કેટલીએ આફતો વર્ષી ગઇ છે, જેમાંની એક કેટલાક નેતાઓના દુઃખદ વિયોગરૂપ છે. શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી, શેઠ જમનાભાઇ ભગુભાઇ, શેઠ નરોતમદાસ ભાણુજી, રાય બદ્રીદાસજીના પુત્ર શ્રી રાજકુમારસિંહ, શેઠ દેવકરણ મુળજી, રા. વેણીચંદ સૂરચંદ, રા. સા. તેજુભાઇ કાંયા, જે. પી., શેઠ જેઠાભાઇ નરસિંહ, કે જે મહાશયો તેમણે કરેલી વિવિધ સેવાઓથી લોકપ્રિય હતા, તેઓના અવસાનથી આપણી કોમને મ્હોટી ખોટ પડી છે. એમના આત્માને અખંડ શાન્તિ મળો અને એમના પગલે ચાલવાની આપણ સર્વને શકિત મળો.

## સંપ અને સેવાઃ—

સજ્જનો ! હું કહી ગયો તેમ કરવાં જેવાં અતિ અગત્યના કામો તો ઘણાંએ છે, પણ સંપ અને સેવાભાવ વગર એક પણ કાર્ય પાર પડવું અશકય છે. ફકત સાધુઓ જ એકસંપી કરે તો આખો સમાજ પુનર્જન્મ પામે. સાધુઓ, વિદ્વાનો, શ્રીમંતો અને સ્વયંસેવકો એ સર્વનો સહકાર હોય તો આખા દેશનું કલ્યાણ સાધી શકે. સ્વયંસેવકોનાં મંડળો હમણાં હમણાં થવા લાગ્યાં છે તે ખુશી થવા જેવું છે. એમને હું એક જ મંત્ર આપવાની જરૂર જોઉં છું; ' સંયમ ' પૂર્વક અને સેવાના ધ્યેયને ચુકાય નહિ એવી રીતે કામ કર્યે જાઓ. શ્રીમંતોને અરજ કરીશ કે દાન કરો તો જોડવાના કામમાં કરજો, તોડવાના નહિ. વિદ્વાનો અને સાધુઓ—એમની પાસેથી તો આપણે ઉદયની ચાવી મેળવવાની હોય, એમને ઇસારો પણ કરવો પડે એ તો દુઃખનો વિષય ગણાવો જોઇએ. સ્વર્ગસ્થ રાષ્ટ્રભૂષણ લાલા લજપતરાય જેવી વ્યકિતઓએ જૈન સમાજથી અલગ થવાનું કેમ પસંદ કર્યું હશે, એ પર ઉંડો વિચાર કરવાનું હું વિદ્વાનો અને સાધુઓને જ સોંપીશ. ઉંડું મનન, વ્યાપક દૃષ્ટિ, ઉદાર ભાવના અને જાહેર જુસ્સાનો જો તેઓ ખપ કરે તો જૈન સૂર્યનો ઉદય હમણાં થવા લાગે, ક્ષણિક અને તાત્કાલિક પ્રાપ્તિઓનો મોહ છોડયા સિવાય કોઇ જાતની મહાન્ સિદ્ધિ સંભવતી નથી. શ્રી શાસનનાયક સર્વને સિદ્ધિની શકિત આપો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારબાદ સબજેક્ટ કમીટીની નીમણુંક કરવામાં આવી હતી. સાથે આરોગ્યતાનું જે પ્રદર્શન ભરવામાં આવ્યું હતું તે ડોક્ટર પ્રાણજીવનદાસ મેહેતા એમ. ડી. ના હાથે સવારના આઠ વાગે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેમાં બંધુ પ્રાણજીવનદાસને પ્રમુખસ્થાન આપ્યા બાદ તેઓશ્રીએ આરોગ્યતા ઉપર એક મનનીય ભાષણ આપ્યું હતું.

કોનફરન્સના પ્રમુખ સાહેબ શેઠ રવજીભાઈનું ભાષણ પુરૂં થવા બાદ શ્રી વિજયવલ્લભ-સૂરિજીનો પરિષદની ફતેહ ઇચ્છનારો સંદેશો શેઠ મોતીલાલ વીરચંદે વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ પ્રથમ દિવસનું કાર્ય પુરૂં થયું હતું.

**બીજે દિવસ**—પ્રથમ મંગળાચરણ થવા બાદ કોન્ફરન્સનો સં. ૧૯૮૨ થી સં. ૧૯૮૫ સુધીનો રીપોર્ટ શેઠ છોટાલાલ પ્રેમજીભાઇએ દરખાસ્ત સાથે રજુ કર્યો તેને શ્રી. મગનલાલ શેઠના ટેકાથી પસાર કરવામાં આવ્યો. પરિષદની સહાનુભૂતિ માટે હિંદના જુદા જુદા શહેરોમાંથી આવેલા તારના સંદેશાઓ વાંચી સંભળાવવામાં આવ્યા.

ત્યારબાદ જૈન સમાજના જે આગેવાનો અને કોન્ફરન્સની સહાનુભૂતિ ધરાવનારા ગૃહસ્થો સ્વર્ગવાસ પામ્યા છે તેને માટે દીલગીરી જાહેર કરવાનો ઠરાવ પસાર કર્યો હતો.

## ઠરાવ ૧ લો—ધાર્મિક અને વ્યવહારિક કેળવણી.

શેઠ વીરચંદ પાનાચંદ શાહે એવો ઠરાવ રજુ કર્યો કે—માનવ જાતિની દરેક પ્રકારની ઉન્નતિનો મુખ્ય પાયો સુસંસ્કારવાળી કેળવણી છે તે માટે—

(ક) દરેક જૈન કન્યા તથા કુમારને ધાર્મિક સંસ્કારનું શિક્ષણ તથા પ્રાથમિક કેળવણી ફરજીઆત આપી છેવટ સુધીની ઉચ્ચ કેળવણી આપવા અને તે અર્થે

(ખ) પાઠશાલાઓ માટે ધાર્મિક પાઠ્યપુસ્તકો અને યુનિવર્સીટીના અધ્યયનને યોગ્ય પ્રાકૃત અને સંસ્કૃત જૈન સાહિત્ય ગ્રંથો તૈયાર કરાવવા, આગમના સૂત્રો ગ્રંથો તથા બીજા પ્રમાણિક ગ્રંથોનો હિંદી વગેરે લોકભાષામાં સંશોધન સાથે અનુવાદ તૈયાર કરાવવા, પ્રાકૃત–માગધી ભાષાનો ઉદ્ધાર કરવા અને પાઠશાળાઓ સ્થાપવા,

(ગ) શિષ્યવૃત્તિઓ અને ઇનામો સ્થાપન કરવા,

(ઘ) અનાથ વિદ્યાર્થિગૃહો, પુસ્તકાલયો, વિદ્યાર્થિભુવનો, અભ્યાસગૃહો, ગુરૂકુળો અને કેળવણીની સંસ્થાઓ ખોલવા.

આ કૉન્ફરન્સ અત્યંત આગ્રહપૂર્વક ભલામણ કરે છે, અને આ કૉન્ફરન્સ એજ્યુકેશનબોર્ડને ભલામણ કરે છે કે કોમની કેળવણી સંબંધીની હાલની પરિસ્થિતિનો વિગતવાર આંકડા સાથે અભ્યાસ કર્યા પછી કોમની હાલની કેળવણીની જરૂરીઆતો પુરી પડે અને અન્ય કોમોની સાથે સરખામણીમાં જૈન કોમ કેળવણીમાં વધુ પ્રગતિ કરી શકે તેવું એક પાંચ વર્ષનું પ્રોગ્રામ છ માસમાં ઘડવું અને તે પ્રોગ્રામને અમલમાં મુકવાના દરેક પ્રયાસો કરવા અને તેનો રિપોર્ટ કૉન્ફરન્સની આવતી બેઠક વખતે રજુ કરવો. ઉપરના ઠરાવને બાબુ કીર્તિપ્રસાદજી, શેઠ બાબુલાલ પાનાચંદ, કચ્છી બેન રાણુબાઈ, મારવાડી બાળા સુંદરબાઈના વધુ ટેકા સાથે સર્વાનુમત પસાર થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઠરાવ ૨—હાજી બીલને ટેકો.**

પ્રમુખ સાહેબે નીચલો ઠરાવ રજુ કર્યો હતો :—મહારાષ્ટ્ર તરફથી ચુંટી વડી ધારાસભામાં મોકલવામાં આવેલા આપણા જૈનબંધુ શ્રીયુત્ સારાભાઈ નેમચંદ હાજી બેરીસ્ટર તરફથી હિંદી વ્યાપાર અને દેશી વહાણવટાનાં ઉદ્યોગની ઉન્નતિ અર્થે કોસ્ટલ રિઝરવેશન બીલ ( હીંદીકાંઠાના વ્યાપારને લગતું બીલ ) વરિષ્ટ ધારાસભામાં રજુ થયું છે, તેને આ કૉન્ફરન્સ સંપૂર્ણ સહમત છે અને આ બીલ દેશ હીતને અનુલક્ષી મંજુર કરવા એસેમ્બલીના સભાસદોને તથા નામદાર હિંદીસરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

મત લેવાતાં ઉપલો ઠરાવ પસાર થયો હતો.

**ઠરાવ ૩—શારદા એકટ.**

પ્રમુખપદેથી નીચલો ઠરાવ રજુ થયો હતો—બાળલગ્ન પ્રત્યે આ કૉન્ફરન્સે મૂળથી જ વિરોધ દર્શાવ્યો છે અને તેથી આવા લગ્નો અટકાવવા માટે શ્રીયુત હરવિલાસજી શારદાએ જે કાયદો વરિષ્ટ ધારાસભામાં પસાર કરાવ્યો છે તેને આ કૉન્ફરન્સ વધાવે છે, તેટલા માટે શ્રીયુત્ શારદાજીને ધન્યવાદ આપે છે ને દેશી સંસ્થાનો આવો કાયદો પોતાના રાજ્યમાં જલ્દીથી કરી અમલમાં મૂકે એમ આ કૉન્ફરન્સ તેમને ભલામણ કરે છે.

મત લેવામાં ઉપલો ઠરાવ પણ પસાર થયો હતો.

**ઠરાવ ૪—જૈન બેંક.**

પ્રમુખપદેથી નીચલો ઠરાવ રજુ થયો હતો—જૈનોમાં બેકારી વધી છે. વેપાર ધંધાઓ મોટે ભાગે પડી ભાંગ્યા છે ને તદ્દન પડી ભાંગવાના સંભવ વધતા જાય છે. નાણાંની સગવડતાના અભાવે જૈનો આગળ આવી શકતા નથી તો તેના નિવારણનો એક ઉત્તમ ઉપાય જૈન બેંક જેવું ખાતું છે અને સાર્વજનિક ખાતાઓનાં નાણાં સામાન્યે સરકારી બેંકો કે સિકયોરીટીમાં રોકાય છે તો જૈનોને આશ્રય ને સહાય્ય આપવા રૂપે જૈનબેંક દ્વારા તેનો વિશેષ સદુપયોગ થઇ શકે એમ આ કોન્ફરન્સ માને છે. આવી જૈનબેંકને વ્યવહારૂ રૂપમાં મુકવા માટે એક યોજના ઘડી કાઢવા નીચેના ગૃહસ્થોની એક કમીટી વધારાની સત્તા સાથે નીમવામાં આવે છે.

શેઠ અમૃતલાલ કાળીદાસ અમદાવાદ, શેઠ સારાભાઇ નેમચંદ હાજી મુંબઇ, શેઠ રવજી સોજપાર મુંબઇ, શેઠ શાંતિદાસ આશકરણ મુંબઇ, શેઠ નગીનદાસ જગજીવનદાસ શાહ મુંબઈ, શેઠ ચતુરભાઇ પીતામ્બર શાહ સાંગલી, શેઠ અંબાલાલ સારાભાઇ અમદાવાદ, શેઠ દલીચંદ વીરચંદ સુરત, શેઠ દોલતચંદ અમીચંદજી મુંબઇ અને શેઠ બાબુલાલ નાનચંદ પુના.

આ કમીટી કોન્ફરન્સના સેક્રેટરીઓ બોલાવશે અને તે કમીટી પોતાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિપોર્ટ એક વર્ષ સુધીમાં ઘડશે અને તે પરના સ્ટેન્ડીંગ કમીટીના અભિપ્રાયો લઇ સેક્રેટરીઓ આવતી બેઠકમાં રજુ કરશે.

મત લેવાતાં ઉપલો ઠરાવ પસાર થયો હતો.

**ઠરાવ ૫ મો—શુદ્ધિ અને સંગઠન.**

શ્રી કુંદનમલ ફીરોદીઆએ એવો ઠરાવ રજુ કર્યો કે, સમસ્ત **જૈન** કોમની ઉન્નતિને માટે જૈન કોમના ત્રણે ફીરકાઓમાં પ્રેમવૃદ્ધિ કરી સંઘટના કરવી જરૂરી છે એ હેતુથી ત્રણે ફીરકાના આગેવાનોની સભા થાય તો તેમાં સહયોગ આપવા આ કોન્ફરન્સ તૈયાર છે. જૈનોના જુદા જુદા ફીરકાની ધાર્મિક જુદી જુદી માન્યતામાં બળાત્કારે દખલગીરી ન કરવી ઘટે એ આ કોન્ફરન્સની ભલામણ છે. અને સ્વેચ્છાપૂર્વક **જૈન** ધર્મ સ્વીકારનારને **જૈન** તરીકે ગ્રહણ કરવા તેમજ સ્વામીવત્સલ નવકારસી જેવા જમણમાં તેમને ભાગ લેવાની છૂટ આપવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે. સાથે આ કોન્ફરન્સનો આ અભિપ્રાય છે કે જે **જૈન** ધર્મ પાળતી જ્ઞાતીઓને પાલીતાણાની શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તથા બીજે સ્થળોએ થતી નવકારસીમાં બકાત રાખવામાં આવે છે તે યોગ્ય નથી તો તેવી રીતે બાકાત હવે પછી ન રાખવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તથા સર્વ સ્થળના સંઘોને આગ્રહપૂર્વક ભાર દઇને ભલામણ કરે છે. ઉપરના ઠરાવને પંડીત લાલને, શા. વીરચંદ શીરચંદે અને શ્રી પોપટલાલ શાહે વધુ ટેકો આપ્યા બાદ સર્વાનુમતે ઠરાવ પસાર થયો હતા.

**ઠરાવ ૬ ઠો—સાર્વજનિક ધર્માદા ખાતાઓની વ્યવસ્થા—**

શેઠ મહાસુખભાઇ ચુનીલાલે એવો ઠરાવ રજુ કર્યો કે દરેક સાર્વજનિક સંસ્થા તેમજ ધર્માદા ખાતાઓનો વહીવટ સુવ્યવસ્થા માગે છે, તેથી એ જરૂરનું છે કે તેનાં નાણાં સાચવવા માટે ટ્રસ્ટીઓ નીમવા અને તેની વ્યવસ્થા કરવા માટે વ્યવસ્થાપક સમિતિ નીમવી. ટ્રસ્ટીઓએ નાણાં પોતાને ત્યાં ન રાખતાં સદ્ધર જામિનગીરીમાં રાખવા ઘટે અને વ્યવસ્થાપક સમિતિએ કરેલી વ્યવસ્થાનો હિસાબ બરાબર રાખી તેને દર વરસે ઓડીટ કરાવી પ્રસિદ્ધ કરવો ઘટે. એમ આ કોન્ફરન્સનો ખાસ અભિપ્રાય છે, કે જેમ થતાં વહિવટદારો અને ટ્રસ્ટીઓ ઉપર થતા આક્ષેપો દૂર થશે અને ચોખ્ખા વહિવટની લોકોમાં શ્રદ્ધા બેસશે. તે દરખાસ્તને શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ તથા શેઠ મોહનલાલ ડી. ચોકસીએ વધુ ટેકો આપતાં સર્વાનુમત પસાર થયો હતો.

**ઠરાવ સાતમો—ઐતિહાસિક સાધનોનો ઉદ્ધાર—**

શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇએ એવો ઠરાવ રજુ કર્યો હતો કે જૈનોની પ્રાચીન સ્થિતિ મહાન પૂર્વજો અને તેમના સાહિત્ય સ્થાપત્ય આદિ પ્રત્યે ફાળો વગેરેનો ઈતિહાસ સમાજ પાસે યથાર્થ સ્વરૂપે સીલ-સીલાબંધ મૂકી શકાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેટલા માટે ઐતિહાસિક સાધનો જેવા કે શિલાલેખો, ધાતુપ્રતિમા લેખો, નકશા અને દરેક સ્થળના ગ્રંથ ભંડારોમાં રહેલ ગ્રંથો આદિ સુરક્ષિત રાખવાની અને પ્રસિદ્ધ કરવાની જરૂર છે એમ આ કોન્ફરન્સનો ચોક્કસ મત છે અને તેથી ખાસ ભલામણ કરે છે કે:—

( ક ) સર્વ લેખોને ઉતરાવી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા, કરાવવા.

( ખ ) ગ્રન્થ ભંડારોની ટીપ, ઐતિહાસિક સ્થળો અને સાધનોની શોધખોળ કરવી અને કરાવવી.

( ગ ) ગ્રન્થભંડારોને દેશના જૈન વસ્તીવાળા મોટા મોટા શહેરોમાં એકત્ર કરીને ' ક્યુરેટર ' આદિના પ્રબન્ધવાળા ' ફાયરપ્રુફ ' એક મકાનમાં રાખવા જોઇએ કે જેથી આખા દેશમાં કોઇપણ અભ્યાસીને–પ્રત પ્રકાશકને અમુક શરતે કોઇપણ કૃતિ મળી શકે તથા તેજ પ્રમાણે.–

( ઘ ) ઉપયોગી, ઐતિહાસિક જાણવા યોગ્ય વસ્તુઓનો સંગ્રહ એક ' મ્યુઝીયમ 'ના આકારમાં સારા મકાનમાં કરવો. તેને શેઠ મૂળચંદ આશારામ અમદાવાદવાળા ઝવેરીએ વધુ ટેકો આપતાં સવાનુમતે ઠરાવ થયો હતો.

**ઠરાવ આઠમો—હુંડીનો દર—**

લલ્લુભાઇ કરમચંદ શાહે એવી દરખાસ્ત રજુ કરી હતી કે જૈન કોમ એ વ્યાપારી કોમ હોવાથી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની બેઠક એવો અભિપ્રાય ધરાવે છે કે ૧ શીલીંગ ૬ પેન્સની હુંડીના દરે હિંદના વ્યાપાર ઉદ્યોગ અને ખેતી ઉપર ઘણી માઠી અસર ઉત્પન્ન કરી છે. તેની સાથે સરકારી ટ્રેઝરી બીલો વેચાણથી નાણા ખેંચવાની પદ્ધતિ અને ચાંદીના ઓછામાં ઓછા ભાવના વેચાણથી દેશની બરબાદી થતી જાય છે તેથી આ કોન્ફરન્સ નામદાર વાઇસરોય અને હીંદી સરકારને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે વીલાયતની હુંડીનો દર વીના વીલંબે ૧–૪ પેન્સનો નકી કરવો અને ઉંચા વ્યાજના દરવાળા ટ્રેઝરી બીલથી નાણાં ખેંચવાની અને ચાંદીના વેચાણની ચાલુ નુકશાનકારક પદ્ધતિ બંધ કરવી. ઉપરની દરખાસ્તને શેઠ મગનલાલ મુળચંદ શાહના વધુ ટેકા સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવી.

**ઠરાવ નવમો—બેંક વહીવટ—**

પ્રમુખપદેથી એવો ઠરાવ રજુ થયો હતો કે આ દેશમાં નાણાંની સગવડોની પણ ખામી છે અને તે દૂર કરવા ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર તથા બીજા વેપારી મંડળોએ ઇમ્પીરીયલ અગર સ્ટેટ બેંકની શાખાઓનો વહીવટ શરાફોને ગેરંટીડ એજન્ટ તરીકે સોંપી દેવા અને તે પદ્ધતી અખત્યાર કરવા જે ભલામણો કરી છે તેને આ કોન્ફરન્સ સંપૂર્ણ ટેકો આપે છે. મત લેવાતાં ઠરાવ પસાર થયો હતો.

**ઠરાવ દશમો—શારીરિક વિકાસ—**

ડોકટર પુનસી મઇશરીએ એવો ઠરાવ રજુ કર્યો હતો કે હાલમાં અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમો તરફથી જૈનોના ધાર્મિક ઉત્સવ પ્રસંગે રથયાત્રાઓ અને ધાર્મિક સ્થાનો ઉપર અનેક હુમલાઓ થાય છે તે જોતાં; તેમજ જૈનોમાં મરણ પ્રમાણ અસાધારણ વધતું જાય છે અને શારીરિક નબળાઇ વધતી જાય છે તે જોતાં શારીરિક કેળવણી મેળવવાના સાધનો એટલે વ્યાયામશાળાઓ અને અખાડાઓ શારીરિક સ્થિતિ સુધરે તે માટે સુખાકારી સ્થળોએ આરોગ્ય ગૃહો અને સ્થળે સ્થળે દવાખાનાંઓ અને મોટાં શહેરોમાં સસ્તા ભાડાની ચાલીઓ ઉભી કરવાની જરૂરીઆત આ કોન્ફરન્સ સ્વીકારે છે. તેને ડોકટર ચીમનલાલ શાહ તથા વાડીલાલ મગનલાલ વૈદ્યના અને મી. ઉમેદચંદ બરોડીયાના ટેકા સાથે સર્વાનુમતે ઠરાવ પસાર થયો હતો. તે પછી ત્રીજા દિવસ ઉપર બેઠક મુલતવી રહી હતી.

**ત્રીજો દિવસ**—તા. ૧૦–૨–૧૯૩૦ માહ વદી ૧૨ સોમવાર આજે બપોરે દોઢ વાગે પરિષદ મળી હતી. પ્રથમ બાળાઓએ સંગીત કર્યા બાદ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

**ઠરાવ ૧૧ મો—જૈન વસ્તી ગણત્રી—**

પ્રમુખસ્થાનેથી નીચલો ઠરાવ રજુ થતાં તે સર્વાનુમતે પસાર થયો હતો.

જૈન કોમ એ હીંદુ કોમનો એક અગત્યનો ભાગ હોવાથી તેમજ દેશની અગ્રગણ્ય વ્યાપારી કોમ હોવાથી સરકારી અને મ્યુનીસીપાલ ખાતાઓ તરફથી જે આંકડાઓ વખતો વખત બહાર પાડવામાં આવે છે તેમાં નીચેની પદ્ધતિથી અખત્યાર કરી ઘટતો ફેરફાર અમલમાં મુકવો જરૂરી છે. એવો દૃઢ અભિપ્રાય કોન્ફરન્સ ધરાવે છે અને તેટલા માટે સૂચવે છે કે,

( ક ) વસ્તીની ગણત્રી વખતે તૈયાર કરવામાં આવતાં વસ્તીપત્રકોમાં જૈનોની વસ્તીની સંખ્યાના આંકડા જુદા પાડવા.

( ખ ) મ્યુનીસીપાલીટીના રજીસ્ટરોમાં જૈનોનાં જનમ અને મરણ વગેરેની સંખ્યા અને પ્રમાણને લગતા આંકડા જુદા દર્શાવવા.

( ગ ) સરકારી કેળવણી ખાતા તરફથી કેળવણીને લગતા આંકડાઓમાં કેળવણી લેતા જૈન વિદ્યાર્થીઓ અને કન્યાઓના આંકડાની નોંધ જુદી રાખવી.

( ઘ ) ચુંટણીને લગતા મતદારોના લીષ્ટમાં જૈન મતદારોનાં નામો હિંદુ મતદારો સાથે જ એકત્ર વિભાગમાં દાખલ કરવા.

**ઠરાવ ૧૨ મો—ડેક્કન એગ્રીકલ્ચરિષ્ટ રીલીફ એકટ—**

શ્રી મકનજી જુઠાભાઇ મહેતાએ નીચલો ઠરાવ રજુ કર્યો હતો.

ખેડુતોનો સંરક્ષણ માટે ઘડાયેલો ડેકકન એગ્રીકલ્ચરીષ્ટ રીલીફ એકટ નામનો કાયદો જે હેતુ પાર પાડવા માટે ઘડી કાઢવામાં આવેલ છે તે હેતુઓ પાર પાડવાને બદલે તે ખેડુતો અને વ્યાપારીઓના હીતને નુકશાનકારક નીવડયો છે. તેથી આ કોન્ફરન્સ સદરહુ કાયદો રદ કરવા નામદાર મુંબઇ સરકારને આગ્રહ પૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલામણ કરે છે. ઉપરના ઠરાવને શેઠ મોતીલાલ વીરચંદે વધુ ટેકો આપ્યા બાદ સર્વાનુમતે પસાર થયો હતો.

**ઠરાવ ૧૩ મો—જૈન ચેઅર—**

પ્રમુખસ્થાનેથી નીચલો ઠરાવ રજુ થતાં તે ઠરાવ પસાર થયો હતો.

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેઅર સ્થાપવા માટે કલકત્તાની બેઠક વખતે થયેલ ઠરાવ તથા સ્ટેન્ડીંગ કમીટીએ નીમેલી પેટા કમીટીઓના રિપોર્ટ અને સદહું યુનિવર્સિટી સાથે થયેલ પત્રવ્યવહાર વિગેરે ધ્યાનમાં લઇ આ કોન્ફ્રન્સ ઠરાવે છે કે નિશ્ચિત થયેલી શરતો પ્રમાણે સદહું યુનિવર્સિટીમાં જૈન ચેઅર સ્થાપવા માટે ગોઠવણ કરવી અને એકત્રિત થયેલ ફંડમાંથી રૂા. ૪૦૦૦૦) સદહું યુનિવર્સિટીના સત્તાવાળાઓને સોંપવા.

**ઠરાવ ૧૪ મો—સુકૃતભંડાર ફંડ—**

શ્રી છોટાલાલ પ્રેમજીભાઇએ નીચલો ઠરાવ રજુ કર્યો હતો.

આ કોન્ફરન્સ એવો દૃઢ અભિપ્રાય ધરાવે છે કે " શ્રી સુકૃત ભંડાર ફંડ ' ઉપર સમાજની દરેક જાતની કેળવણી અને અન્ય ખાતાઓનો આધાર છે અને તેથી દરેક જૈન બંધુ અને બ્હેનને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે દરેકે ઓછામાં ઓછા વાર્ષિક ચાર આનાનો ફાળો પ્રતિવર્ષ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવો.

અત્યાર સુધી જે જે ગામ અને શહેરના શ્રીસંઘોએ પોતાનો ફાળો આપ્યો છે તેમને ધન્યવાદ આપે છે અને સમાજને પ્રતિવર્ષ પોતાનો ફાળો આપવા આગ્રહ કરે છે. ઉપરની દરખાસ્તને શેઠ બાબુલાલ નાનચંદ અને શેઠ ગુલાચંદજી ઢઢ્ઢાના વધુ ટેકા સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવી.

**ઠરાવ ૧૫ મો—પ્રચારકાર્ય—**

પ્રમુખસ્થાનેથી નીચલો ઠરાવ રજુ થતા તે પસાર થયો હતો.

કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મુકવા તથા તેનું સર્વ જાતનું પ્રચારકાર્ય કરવા માટે આ કોન્ફરન્સ નીચેના સભ્યોની સંખ્યા વધારવાની સાથે એક પ્રચારકાર્ય સમીતિ નીમે છે. આ સમીતિ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની સલાહથી કામ કરશે. અને દરેક પોતાનાં કાર્ય, મુશ્કેલી અને તેના ઉપાયનો રિપોર્ટ દર વર્ષે કરશે.

બાબુ કીર્તિપ્રસાદજી જૈન, ગુજરાનવાલા ( પંજાબ ), શેઠ પોપટલાલ રામચંદ શાહ, પુના ( મહારાષ્ટ્ર ) ખાનદેશ, શેઠ હીરાચંદ કુબેરચંદ, ( દ. મહારાષ્ટ્ર ) શેઠ ચંદનમલ નાગોરી, છોટી સાદડી ( માળવા–મેવાડ ). શેઠ મુળચંદ આશારામ વૈરાટી, અમદાવાદ ( ગુજરાત ), શેઠ નવલકુમારસિંહ નવલખા, અજીમગંજ ( બંગાળ ) શેઠ મણીલાલ કોઠારી, અમદાવાદ, ( કાઠીયાવાડ ) શેઠ મણીલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખુશાલચંદ પાલણપુર, પંડિત આણંદજી ( કચ્છ ) શેઠ કેસરીચંદ જુહારમલ કોસેલાવ ( મારવાડ ) અને પંડીત લાલન.

**ઠરાવ ૧૬ મો—હાનિકારક પ્રથાઓ.**

શ્રી મહાસુખભાઇ ચુનીલાલે નીચલો ઠરાવ રજુ કર્યો હતો—

અનેક હાનિકારક પ્રથાઓ કોમનું જીવન ચુસી રહી છે તેથી તે દૂર કરવા તેમજ ફેરવવા માટે જોશપૂર્વક કામ કરવાની જરૂર છે અને તેમાં ખાસ કરી નીચેની બાબતપર કોમનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે કે દરેક ન્યાત તથા સાથે પોતપોતામાં તેનો અમલ કરવા યોગ્ય પ્રયત્નો આદરશે.

( ૧ ) પુત્રોને અઢાર વર્ષની ઉમ્મર નીચે અને પુત્રીને ચૌદ: વર્ષની ઉમ્મર નીચે પરણાવવાં નહિં. આથી ઓછી ઉમ્મરના લગ્નોમાં ભાગ ન લેવો.

( ૨ ) ૫૦ વર્ષ પુરાં થયાં હોય એવા કોઇપણ ગૃહસ્થે લગ્ન કરવું નહિ.

( ૩ ) એક ઉપર બીજી સ્ત્રી કરવા સામે પ્રતિબંધ હોવો જોઇએ.

( ૪ ) મરણ તેમજ સીમંત પાછળ થતાં જમણો બંધ કરવાં, અને લગ્નાદિ નાતવરા તથા ફરજીઆત તેમજ નકામા ખર્ચો બંધ અગર ઓછા કરવા.

( ૫ ) કન્યાવિક્રય કે વરવિક્રયની પ્રથા બંધ કરવી અને લગ્નાદિ પ્રસંગે વેશ્યાના નાચ ન કરાવવા. તે દરખાસ્તને શ્રીમતી ગુલાબબ્હેન, વ્હાલીબ્હેન વગેરેના વધુ ટેકા સાથે પીસ્તાળીશ વર્ષના પુરૂષને પરણવાની હદ મુકરર થતાં સર્વાનુમતે આ ઠરાવ પસાર થયો હતો.

**ઠરાવ ૧૭ મો કોન્ફરન્સ બંધારણ:—મી.** મગનલાલ મુળચંદ શાહની દરખાસ્ત અને મી. મોતીચંદ ગિરધરલાલ કાપડીયાનો ટેકો મી. પરમાણંદદાસ કુંવરજીના સુધારા સાથે $\frac{3}{4}$ ની બહુમતી જે ઠરાવ લેવાતો તે ઓછા મતે લેવાનો ઠરાવ બંધારણની બાબત સુધારો કરવા સાથે પસાર થયો હતો અને ઓલ ઇંડીયા સ્ટેંડીંગ કમીટીના નામો રજુ કરવામાં આવ્યા હતા.

બાદ પ્રમુખસ્થાનેથી નીચલા ઠરાવો રજુ થતાં તે પરીષદે બહાલ રાખ્યા હતા.

## આર્થિક પરિસ્થિતિની તપાસ.

જૈન કોમમાં બેકારી વધતી જાય છે, ધંધા રોજગાર અને વેપાર ઉદ્યોગમાં આપણી કોમનું સ્થાન કમતી થતું જાય છે. સમાજમાં અનેક બંધુઓ અને બ્હેનો નિરાશ્રીત અને અસહાય્ય દશા ભોગવી રહ્યા છે, વગેરે બાબતોમાં અને સમગ્ર રીતે આપણે સમાજની આર્થિક પરિસ્થિતિની તપાસ કરવાની જરૂરીયાત જુએ છે અને તે માટે એક તપાસ કમીશનની નિમણુક કરવા માટે યોગ્ય પ્રબંધ કરવા તથા કમીશનનો રિપોર્ટ તૈયાર થયાથી સમાજની જાણ માટે પ્રસિદ્ધ કરવા અને તે અંગે ઘટતા ઉપાયો યોજવા આ કોન્ફરન્સની ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમીટીને સત્તા આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દેશ અને સમાજોદ્ધાર.

**ભારત દેશના** ઉદ્ધારમાં જ **જૈન સમાજનો** ઉદ્ધાર ઓતપ્રોત સમાયેલો છે, **તેથી ભારતના** ઉદ્ધારના કાર્ય માટે જે જે **શુભ પ્રજાકીય** ચળવળો અને પ્રવૃત્તિઓ છે **તેમાં સક્રિય** ભાગ લેવો જૈનો માટે આવશ્યક છે એમ આ કોન્ફરન્સ માને છે અને આપણા દેશની ઉન્નતિનો એક મુખ્ય માર્ગ સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ છે તો આપણે ત્યાં તેમજ આપણા દરેક જાહેર સ્થાનોમાં બને તેટલી સ્વદેશી વસ્તુઓ વાપરવી તેમાં સ્વદેશી કાપડ અને વિશેષ કરી હાથ સુતરની અને હાથ-વણાટની ખાદી વાપરવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

## દીક્ષા.

દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા લેનારને તેનાં માતાપિતા આદિ અંગત સગાંઓ તથા જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી.

ત્યારબાદ પ્રમુખશ્રીનો આભાર શેઠ બાલચંદજીની દરખાસ્ત અને પુના-વાળા શેઠ બાબુલાલ ન્યાલચંદના ટેકા સાથે માનવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખશ્રીએ ઉપસંહાર કર્યો હતો, પછી શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢાએ સ્વાગત મંડ-ળનો આભાર માન્યો હતો. છેવટે પરમાત્માની જય બોલાવી તેરમી જૈન શ્વેતાંબર પરિષદ્‌ના સંમેલનનું કાર્ય પુરું થયું હતું.

× × ×

તા. ૧૧—૨—૩૦ મંગળવારના રોજ કોન્ફરન્સના મંડપમાં **શેઠ મુળચંદ જ્યોતીરામના** પ્રમુખપણા નીચે **શ્રી મહારાષ્ટ્ર જૈન પ્રાંતિક પરિષદ્‌ની** બેઠક મળી હતી; જેમાં સમાજ સુધારણાને લગતા ઠરાવો થયા હતા. શેઠ રવજી-ભાઈ સોજપાર તથા શેઠ લલ્લુભાઈ કરમચંદ વગેરેએ પણ વિવેચનો કર્યાં હતા.

**જૈન મહિલા પરિષદ્**—કોન્ફરન્સના અધિવેશન સાથે તા. ૯—૨—૩૦ [illegible] રોજ રાત્રે કોન્ફરન્સના મંડપમાં **શ્રીમતી ગુલાબબ્હેન મફતજી** મહેત[illegible] પ્રમુખપણા નીચે જૈન મહિલા પરિષદ્ મળી હતી. અને બ્હેનોએ વિવેચ[illegible] કર્યાં હતા.

**મારવાડી જૈન સંમેલન**—મહારાષ્ટ્રમાં વસતા મારવાડી જૈન ભાઈ-ઓની વ્યવહારિક સુધારણા માટે તા. ૭ મીના રોજ કોન્ફરન્સના મંડપમાં શેઠ **કુંદનમલજી સૌભાગ્યમલજી** ફીરોદીયા બી. એ. એલ. બી.ના પ્રમુખપણા નીચે મળ્યું હતું. કેળવણી વગેરે ઉપર વિવેચનો થયા હતા. એ રીતે તેરમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સાથે જુન્નેરમાં અંતર્ગત ઉપરોક્ત ત્રણ સંમેલનો થયા હતા તે જ જૈન સમાજની જાગ્રતિ સૂચવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યાપારી વર્ગને ઉપયોગી પુસ્તકો.

**માસ્તર પોપટલાલ સાકળચંદ પ્રકાશિત જ્યોતિષનાં બે ઉપયોગી ગ્રંથો.**

કે જેની કિંમતમાં સારો ઘટાડો કર્યો છે.

૧ વર્ષ પ્રબોધ અને અષ્ટાંગ નિમિત—કિં. રૂા ૮) હતી તેના રૂા ૫–૦–૦

૨ અષ્ટાંગ નિમિત અને દિવ્યજ્ઞાન કિં. રૂા ૪) હતી તેના રૂા. ૨–૮–૦

સિવાય જ્યોતિષના બીજા ગ્રંથો.

૧ વિવેક વિલાસ કિં. ૨–૮–૦ ૨ ભદ્રબાહુ સંહિતા ૨–૦–૦ નારચંદ્ર જૈન જ્યોતિષ ૨–૦–૦ શીલીકમાં જુજ નકલ છે. માટે તુરત મંગાવી લેશો—

**જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર ભાવનગર.**

## ખાસ પાઠશાળાઓ માટે—

મોટા અક્ષર, શુદ્ધ છપાઇ, સારા કાગળ અને પાકું બાઇડીંગ છતાં કિંમતમાં ઘણા સસ્તા હોવાથી ગુજરાત–કાઠીયાવાડની શાળાઓમાં તેજ મંગાવાય છે.

થોડી થોડી નકલો મંગાવી ખાત્રી કરશો:—

| | | | |
|---|---|---|---|
| ૧ પંચ પ્રતીક્રમણ મોટી સાઇઝ સંક્ષિપ્ત અર્થ સાથે કિં. | ૦–૮–૦ | સોનકલના | રૂા. ૪૭–૮–૦ |
| ૨ દેવસીરાઇ પ્રતિક્રમણ સૂત્ર | ૦–૩–૦ | ,, | ૧૫–૦–૦ |
| ૩ પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુઠું | ૦–૮–૦ | ,, | ૪૦–૦–૦ |
| ૪ સામાયિક સૂત્ર વિધિ સાથે | ૦–૧–૦ | ,, | ૪–૦–૦ |
| ૫ ચૈત્યવંદન–ગુરૂવંદન•વિધિ સાથે | ૦–૧–૦ | ,, | ૪–૦–૦ |
| ૬ ગહુંલી સંગ્રહ | ૦–૩–૦ | ,, | ૧૫–૦–૦ |
| ૭ રત્નાકર પચ્ચીશી નેમનાથના શ્લોક સાથે. | ૦–૦–૯ | ,, | ૩–૦–૦ |

સિવાય—બાળકોમાં વહેંચવા જેવા. ઉપયોગી પુસ્તકો ઘણી સસ્તી કિંમતે મળશે.

લખો—જૈન સસ્તી વાંચનમાળા–રાધનપુરી બજાર–ભાવનગર.

## જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

હાલના સમયમાં ઇતિહાસનો અભ્યાસ, વાંચન, કથાઓનો આદર જૈન સ... માજમાં કેટલાક અંશે વૃદ્ધિગત થતો જોવામાં આવતો હોવાથી, તેમજ દેશમાં, ...ાજમાં પણ દેશ અને સમાજસેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી; અમુક ...શે અમુક મનુષ્યો તેવી સેવા કરતા–ઇચ્છતા હોવાથી પ્રસંગાનુસાર તેમની ...વનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ** આ... **ભામાશાહનું ચરિત્ર** ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ–સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત, શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

શુમારે છત્રીશ ફોર્મ ત્રણશેં પાનાનો સચિત્ર ઉંચા કાગળ પર સુંદર ટાઇપમાં છપાવી સુશોભિત બાઇડીંગથી ગ્રંથ અલંકૃત કરેલ છે. કિં. બે રૂપીયા પોષ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધ્યાત્મિક વિકાસના અંતરાયો.

" આધ્યાત્મિક વિકાસ એટલે આપણાં હૃદયમાં થતી પ્રેમની સતત વૃદ્ધિ. એ પ્રેમની મર્યાદા અતિ વિશાળ થઇ શકે, પ્રાણીમાત્ર ઉપર ફરી વળે; પરંતુ એમાં ખૂબ અંતરાયો નડે છે. એ અંતરાયો, એ વિઘ્નો, એનું બીજું નામ પાપ. પ્રેમની વૃદ્ધિ અટકાવનારાં પાપ છ છે; એ પાપ જોડે જાગૃત મનુષ્યને ઝઘડવું પડે છે. એ ઝઘડવાનો પણ અમુક વિધિ છે. એ વિધિ પ્રમાણે ઝઘડનાર જલદી વિજયી બને છે. + + + માણસનું તન કે મન કોઇપણ પ્રકારના આવેશ કે નિશામાં આવી જાય તો તેનાથી બુદ્ધિપૂર્વક કશું કામ થઇ શકતું નથી, માટે એ નિસો સૌથી પ્રથમ ત્યાજ્ય ગણ્યો છે. પછી બીજે નંબરે આળસનો ત્યાગ ઇષ્ટ માન્યો છે કેમકે જગતમાં માણસ માત્ર થોડે કે ઘણે અંશે મજૂર ન બને ત્યાં સુધી દુનિયાનો મોટો ભાગ દુઃખી જ રહેવાનો એ નિસંશય છે. શારીરિક શ્રમ ઉઠાવનારને તરતજ સમજાઇ જાય છે કે મારા પોતાના સુખને માટે જ નહિ, પણ પડોશીના સુખને માટે પણ, મારે કાંઇ ને કંઈ કામ કે મજૂરી કરવી જ જોઇએ પછી તૃષ્ણા છોડવી જોઇએ. અર્થાત્ જેમ હાજતો થોડી અને સાદી તેમ માણસ વધારે સુખ અને નિસ્પૃહી રહી શકે છે. અન્ન, વસ્ત્ર કે ઘર સૌને જરૂરનાં છે એની કોઇ ના પાડી શકે નહિ, પણ એ બહુ જરૂરી ચીજો પણ સૌને મળી શકતી નથી; કેમકે માણસો એને ખૂબ વધારી મુકે છે અને પોતાની હાજતો સંકુલ કરી દઇને બીજાને ટળવળાવે છે. આમાં અતિક્રૂરતા કે નિષ્ઠુરતા સમાયેલ છે, પણ એ તો જ્યારે આપણે જોઇ શકીએ ત્યારેજ. પછી આવે છે લોભરૂપી પાપ. આજે તો ખાવાનું મળ્યું, પણ કાલે શું થશે ? પહોર શું થશે ? ઘડપણમાં કેમ કરીશું ? આવા વિચારે કરીને માણસ લોભી બને છે. પોતાનું સાચું હિત ખુએ છે અને બીજા અનેકને પારાવાર દુઃખમાં હડસેલી મૂકે છે. આના ઉતાર તરીકે માણસે અપરિગ્રહ વ્રત લેવું જોઇએ. ત્યાર પછી સત્તા મોહરૂપી પાપ સાથે ઝઘડવાનું રહ્યું. બીજાના ઉપર રોફ મારવો, તેના પર સત્તા ચલાવવી, તેને પોતાની મરજી પ્રમાણે ન ચાલવા દેતાં આપણે આધીન કરી લેવો એ પાપ જોડે ઝઘડવાનું કામ ઉપલા પાપોમાંથી થોડેઘણે અંશે પણ મુકત થયેલા માટે મુશ્કેલ નથી. જેને અસંખ્ય સેવકો છે તે સૌથી મોટો નથી, પરંતુ જે અસંખ્યનો સેવક છે તે જ સૌથી મોટો છે. આ દીવા જેવી સ્પષ્ટ વાત સમજતાં હવે વાર લાગશે નહિ. છેલ્લું અને સૌથી વિષમ, સૌથી કઠણ, કામભોગરૂપી પાપ જોડે ઝઘડવું તે છે. પરંતુ અન્ન, વસ્ત્ર, ઘર, આરામ વિગેરે હાજતોમાંથી કોઇ પણ દેહધારી મનુષ્ય પરિપૂર્ણ રીતે છૂટી શકતો નથી. તેવી આ હાજત નથી એ વાત ખૂબ વિચારવા જેવી છે. અન્નવસ્ત્રાદિક હાજતો પુરેપુરી ટાળનારનો દેહ પડી જાય એવો સંપૂર્ણ સંભવ છે, પણ સંભોગરૂપી હાજતને હાજત તરીકે જ ન સ્વીકારનાર અખંડ નૈષ્ઠિક બ્રહ્મચારી પુરૂષ કે સ્ત્રી ઉલટું મૃત્યુને દૂર ધકેલે છે એ કોણ નથી જાણતું ? પહેલાં પાંચ અને આ છેલ્લા પાપનો આ ભેદ સમજાયાથી એની જોડેનો ઝઘડો પણ સુકર થાય છે એવી રીતે એ ક્રમ સપ્રયોજન અને સાર્થક બને છે. "

" જીવન સિદ્ધિ " માંથી.

For Private And Personal Use Only